Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तन्त्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनीयायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मन्त्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्तितव्यमुत्तमज्ञानेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥

उपमितिभवप्रपञ्चा कथा.

પુ. ૨૭ મું. શ્રાવણ. સંવત ૧૯૬૭. શાકે ૧૮૩૩. અંક ૫ મો.

## शांत सुधारस भावना.

અનુસંધાન પૃષ્ઠ ૧૦૮ થી

### મૈત્રિ આદિ ચાર ભાવના.

૧ સદ્ધર્મ ધ્યાનમાં સારી રીતે જોડવા માટે શ્રી જિનેશ્વરોએ મૈત્રી પ્રમુખ ચાર શ્રેષ્ઠ ભાવનાઓ કહેલી છે. તે ચાર ભાવનાઓ કઈ કઈ? તે કહે છે.

૨ મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્ય. એ ચાર ભાવનાઓ ધર્મ ધ્યાનના સંધાનને માટે સહાય સેવવી જરૂરની છે. કેમકે તે તેનું પરં રસાયન છે.

૩ પરજીવોનું હિત ચિંતવવું તે મૈત્રી ભાવના છે, ગુણનો પક્ષ કરવો તે પ્રમોદ ભાવના છે, દુઃખી પ્રાણીઓનાં દુઃખ મટાડવાની ઇચ્છા (બુદ્ધિ) તે કરૂણા ભાવના છે. અને દુષ્ટ બુદ્ધિવાળા જીવોની ઉપર પણ રાગદ્વેષ રહિતપણે વર્તવું તે માધ્યસ્થ(ઉપેક્ષા)ભાવના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પ્રથમ મૈત્રી ભાવના.

૪ હે આત્મન્! સર્વ જીવો ઉપર મૈત્રી ભાવ ધારણ કર! આ જગતમાં કોઇને શત્રુ લેખવો નહિ,થોડાક દિવસ ટકવાવાળા આ જીવિતમાં પર ઉપર વૈરભાવ રાખી તું શામાટે ખેદને વહેછે?

૫ આ સંસારસમુદ્રમાં પર્યટન કરતાં તેં આ સર્વ જીવોને હજારોવાર બંધુપણે અનુભવેલા છે, તેથી એ સર્વ બંધુઓ છે પણ કોઇ શત્રુ નથી; એમ મનમાં નિશ્ચય કરી રાખ!

૬ સર્વ જીવો (સંસારમાં) પિતા, ભાઇ, કાકા, માતા, પુત્ર,પુત્રી, સ્ત્રી, બ્હેન અને પુત્રવધુપણાને બહુવાર પ્રાપ્ત થએલાછે તેથી આ બધું તારૂં કુટુંબજ છે, કોઇ પરાયો દુશ્મન નથી.

૭ વળી હે આત્મન્! તું એવી રૂડી ભાવના રાખ કે એકેન્દ્રિયાદિક જીવો પણ પંચેન્દ્રિયપણું વિગેરે વિશિષ્ટ સામગ્રી પામી, બોધી રત્નને સમ્યગ્ રીતે આરાધી, ભવભ્રમણની ભીતિને કયારે નિવારશે?

૮ પ્રાણીઓના વાણી, કાયા અને મનને દુઃખદાયી (શત્રુરૂપ) રાગ દ્વેષાદિક સમસ્ત રોગ શાન્ત થાઓ! સર્વ જીવો સમતારસનું પાન કરો અને સર્વ જીવો સર્વત્ર સુખી થાઓ!

## ત્રયોદશ મૈત્રી ભાવના અષ્ટક.

૧ હે આત્મન્! કર્મની વિચિત્રતાથી વિવિધ ગતિને પામનારા જગતમાંના સમસ્ત પ્રાણીઓ ઉપર તું મૈત્રીભાવના ધારણ કર!

૨ એ સર્વે તારાં પ્રિય બાંધવો છે, એમાં કોઇ તારૂં દુશ્મન નથી એમ સમજીને સ્વસુકૃતનો લોપ કરનારૂં કલેશકલુષિત મન કરીશ નહિ.

૩ કદાચ કોઇ નિજ કર્મની પરવશતાથી કોપ કરે, તો તું પણ હૃદયમાં ક્રોધને અવકાશ શામાટે આપેછે? આપણે તો ક્રોધને વશ નહિ થતાં તેને જ સ્વવશ કરવો!

૪ હે શાંત શમરસને સેવનાર ભવ્ય! જગત્માં સત્પુરૂષો કલહથી દૂર જ રહે છે, તેમને કલેશ પ્રિય હોતોજ નથી; એમ સમજી સદ્ગુણના પરિચયથી પુષ્ટ એવી વિવેકકળાનું તું સેવન કર! તું વિવેકી હંસ બની જા, અને આવી સદ્ભાવનાનો સદા આશ્રય કર કે —

૫ સમસ્ત શત્રુજનો મત્સરભાવ તજી દઇને સુખી થાઓ! તેમજ તેઓ મોક્ષ પદવી પામવા માટે પણ ઇન્તેજાર થાઓ! મતલબ કે તેમને મન, વચન તથા કાયા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની શુદ્ધિ અને પરમ પવિત્ર પદવી પ્રાપ્ત કરવાની પણ કામના જાગૃત થાઓ! તેઓ શીઘ્ર સમસ્ત દુઃખનો અંત કરી શાશ્વત સુખ પામે!

૬ જો પ્રાણીઓ સાચા ભાવથી લેશ માત્ર સમતારસને એક વાર પણ સ્વાદે તો પછી તેવો સ્વાનુભવ થવાથી તેમને તેમાં સ્વતઃ પ્રીતિ ઉપજે.

૭ પ્રાણીઓ શા માટે કુમત રૂપ મદિરાપાનથી મૂર્ચ્છિત થઇને નર્કાદિક દુર્ગતિમાં પડે છે? હા! હા!! તેઓ શા માટે જિનવચનામૃતનું પ્રેમથી પાન કરતા નથી? જિનવચનામૃતનું પાન કરનાર દુર્ગતિને દળી નાખી સદ્દગતિને સાધી શકે છે, તેથી અન્ય વાગ્જાળને તજી જિનવચનનુંજ સેવન કરવું જોઇએ.

૮ નિર્મળ આશયવાળા જીવોનાં મન પરમાત્મસ્વરૂપમાં પરિણમી રહો! તથા જગતના જીવો વિનય સહિત શમામૃતનું પાન કરી સદા સુખી થાઓ!

## ઇતિ મૈત્રી ભાવનાર્થ.

---

## બીજી પ્રમોદ ભાવના.

૧ ક્ષપકશ્રેણિવડે જેમણે કર્મ શત્રુઓને ક્ષીણ કરી નાંખ્યા છે અને સહજોદિત જ્ઞાનવડે જાગૃત વૈરાગ્યવંત હોવાથી ત્રૈલોકયમાં જે ગંધહસ્તી સમાન વા શ્રીવીતરાગ પરમાત્મા કે જેઓ આત્મશુદ્ધિથી સંપૂર્ણ ચંદ્રકળાની જેવા [illegible] ળ ધ્યાન ધારા ઉપર આરૂઢ થઇને પૂર્વકૃત સેંકડો સુકૃતવડે ઉપાર્જિત કરેલા [illegible] કર પદવીને પામી મોક્ષની સમીપે જઇ રહ્યા છે, તેમને ધન્ય છે!

૨ કર્મક્ષય યોગે થયેલા અનેક ગુણગણવાળા નિર્મળ આત્મસ્વભાવવડે ને પરમાત્માની સ્તવનામાં તલ્લીન બનેલી પરિણતીવડે પ્રભુના વારંવાર ગુણગાન [illegible] ને આઠે વર્ણસ્થાનકોને અમે પવિત્ર કરીએ છીએ; તેમજ જગતમાં ભગવંત [illegible] સ્તોત્રરૂપ વાણીના રસને જાણનારી જીભને જ ખરી રસજ્ઞા ( જીભ ) હું લેખું [illegible] બાકી નકામી લોકકથાનાં કાર્યમાં વાચાળતાને સેવનારી જીભને તો કેવળ અજ્ઞ[illegible] લેખું છું.

૩ પર્વત, અરણ્ય, ગુફા કે નિકુંજ ( લતા-ગૃહ ) માં રહ્યા છતાં ધર્મધ્યાનમાં ઉપયોગ રાખનારા, શમરસથી સંતુષ્ટ રહેનારા, પક્ષ માસ જેવા વિશિષ્ટ ( વિકૃષ્ટ ) તપ કરનારા, તેમજ બીજા જ્ઞાની પુરૂષો શ્રુત સિદ્ધાંતમાં વિશાળ બુદ્ધિવાળા, ભવ્ય જનોને ઉપદેશ દેવાવાળા, શાન્ત દાન્ત અને જિતેન્દ્રિય સતા જગતમાં જિનેશ્વર પ્રભુના શાસનની પ્રભાવના કરે છે; તેવા નિર્ગ્રંથ મુનિજનોને ધન્ય છે.

૪ વળી જે ગૃહસ્થ ( શ્રાવકો ) દાન, શીલ, તપનું સેવન કરે છે તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવના ભાવે છે–એમ ચાર પ્રકારના ધર્મને જ્ઞાનવડે પુષ્ટ થયેલી શ્રદ્ધાથી આરાધે છે તે તથા જે સાધ્વીઓ અને શ્રાવિકાઓ જ્ઞાનવડે નિર્મળ બુદ્ધિથી શીલ–સદાચારનું સેવન કરે છે તે સહુ ધન્ય–કૃતપુન્ય છે. તેમની સર્વની સદાય અનેક વખત ભાગ્યવંત ભવ્યો ગર્વરહિત પણે સ્તુતિ કરે છે.

૫ મિથ્યાદૃષ્ટિ જનોના પણ પરોપકારપ્રધાન સંતોષ સત્યાદિક ગુણપ્રસાર તેમજ દાનેશ્વરીપણું તથા વિનયવૃત્તિ પ્રમુખ માર્ગાનુસારીપણાના ગુણોની અમે અનુમોદના કરીએ છીએ. મતલબ કે ગમે તેના સદ્ગુણો દેખી દીલમાં પ્રમુદિત થવું અને તેવા સદ્ગુણો આપણામાં પણ પ્રગટી નીકળે એવી નિષ્ટા રાખવી.

૬ હે જિવ્હા ! સુકૃત કરનારા ભાગ્યશાળી જનોનાં સુચરિત્ર ઉચ્ચારવા ઉલ્લસિત થઇ સતી તું સરલ થા! અને અન્ય જનોની કીર્તિ શ્રવણ કરવાના રસિકપણાથી મારા બંને કર્ણો સુકર્ણ થાઓ ! તેમજ અન્ય જનોની ઘણી લક્ષ્મી દેખીને બંને લોચન બહુ આનંદિત થાઓ ! આ અસાર સંસારમાં તમારા જન્મનું એજ મુખ્ય ફળ છે.

૭ અન્ય જનોના ગુણોવડે પ્રમોદ પામી જેમની મતિ સમતારૂપ સમુદ્રમાં મગ્ન થઇ છે તેમનામાં મનની પ્રસન્નતા ઝળકી નીકળે છે. તથા જેવા સદ્ગુણો દેખી પોતે પ્રમુદિત થાય છે તેવા નિર્મળ ગુણો પોતાનામાં પ્રગટી નીકળે છે.

## ચતુર્દશ પ્રમોદ ભાવના અષ્ટક.

૧ હે આત્મન્ ! ગુણવડે પરિતોષ–સંતોષ–અત્યાનંદ પામવાનું દીલમાં લાવ, અને પોતપોતાનાં સુકૃત યોગે જેમને શ્રેષ્ઠ વસ્તુ સાંપડી છે એવા અન્ય પુન્યવંત–ગુણવંત પ્રાણીઓ ઉપર દ્વેષ ભાવ ન કર, મત્સરદોષને તું દૂર કર !

૨ સુભાગ્યે આ ( પુરૂષ ) બહુ દાન દીએ છે, અને આ ( પુરૂષ ) અહીંયાં બહુ માન પામે છે, તે બહુ સારૂં છે. એવી રીતે અન્યની ઉજળી બાજુને તું કેમ વિચારતો નથી ? એમ રૂડો વિચાર કરવાથી તેના સુકૃતનો વિભાગ તું પણ મેળવી શકીશ. મતલબ કે સાચા દીલથી સદ્ગુણ–સુકૃતની અનુમોદના કરવી તે પણ અતિ હિતકારી છે. જૈનશાસનમાં સુકૃત કરવા કરાવવા અને અનુમોદવા ખાસ ફરમાન છે.

૩ જેમનું મન જગતમાં વિકારવર્જિત છે, તેમજ જેઓ ભૂમંડળમાં સર્વત્ર ઉપકાર કરી રહ્યા છે એવા ઉચિત આચરણને સેવનાર સત્પુરૂષોના નામનું અમે વારંવાર રટન કરીએ છીએ. તેમનું નામ લેતાં પણ પાપ જાય છે.

૪ શિવસુખના નિદાનરૂપ અનુપમ ક્ષમા ગુણ ( સહનશીલતા ) ભગવંતમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેવો અપૂર્વ હતો તે તપાસો ! કે જેથી રોષ સહિત આકરા અભિમાનપૂર્વક ... મૂઢ શીઘ્ર અદૃશ્ય થઇ જાય.

૫ કેટલાક ગૃહસ્થો છતાં જેમણે પરસ્રીના સર્વથા પરિહાર પૂર્વક ઉત્તમ શીલવ્રતને ધારણ કરેલું છે, તેમનો નિર્મળ યશ અદ્યાપિ પર્યંત આ જગતમાં ફૂલ્યા સહકાર (આમ્ર વૃક્ષ) જેવો વિલસી રહ્યો છે.

૬ જે સ્રીઓ પણ નિર્મળ યશ સહિત પોતાના ઉભય કુળ (પિતાના અને સાસરાના પક્ષ) ને શોભાવે છે (અજવાળે છે–દીપાવે છે) તેમના સુચરિત્રથી સંપૂર્ણ ચંદ્રકળા સદૃશ નિર્મળ દર્શન પણ પૂર્વે કરેલાં સુકૃત યોગે તેમને સંપજે છે.

૭ વળી કેટલાક તાત્વિક (ખરા) સાત્વિક સજ્જન શિરોમણિ પુરૂષો તેમજ યુક્તિ પુરઃસર વિવેચન કરવામાં હંસ સદૃશ જનો છે કે જેમણે ખરેખર સમસ્ત જગત્-ને અલંકૃત કરેલું છે. તેમનું સ્મરણ પણ પુણ્યની પ્રાપ્તિને માટે થાય છે.મતલબ કે તેમનું સ્મરણ કરનાર પણ પવિત્ર થાય છે.

૮ એ પ્રમાણે અન્યના સદ્ગુણનું અનુમોદન કરવું એજ જેમાં સાર છે એવા આ માનવ ભવને તું સદાય સફળ કર! સદાચારમાં તલ્લીન હોવાથી સદ્ગુણના સમુદ્રરૂપ સત્પુરૂષોના ગુણનું ગાન કર અને રાગદ્વેષાદિક વિકારવર્જિત નિરામય શાન્તસુધારસનું તું પાન કર !

ઇતિ પ્રમોદ ભાવનાર્થ. ૧૩૩

## ત્રીજી કારૂણ્ય ભાવના.

૧ પ્રથમ તો પ્રાણીઓ ખાનપાનને પ્રાપ્ત કરવાની વાંછાથી વ્યાકુળ હોય છે. પછી વસ્ત્ર, ગૃહ અને અલંકાર માટે વ્યગ્ર ચિત્ત હોય છે, તેમજ વળી પાણીગ્રહણ (વિવાહ) તથા પુત્ર પુત્રી પ્રમુખ પ્રજાને અને અનુકૂલ ઇંદ્રિય વિષયોને સદાય અભિલષતા હોય છે, તેથી તે બાપડા સ્વસ્થતા શી રીતે શીઘ્ર પામે !

૨ લાખો ગમે ઉપાયોથી મહા કષ્ટે લક્ષ્મી મેળવીને આ લક્ષ્મી કાયમ સ્થિર રહેનારી છે એમ પૂર્વ ભવના અભ્યાસથી સમજી તેમાં મુંઝાઇ જાય છે; એટલામાં અકસ્માત્ ક્રુર હૃદયવાળા દુશ્મન–રોગ, ભય, જરા મૃત્યુ આવીને તેમાં ધૂળ નાંખે છે. મતલબ કે તેના કલ્પિત સુખમાં વિઘ્ન નાંખે છે.

૩ કેટલાક પરસ્પર સ્પર્ધામાં ઉતરે છે, કેટલાક ક્રોધથી દગ્ધ થયા થકા હૃદય-માં પરસ્પર મત્સર વહે છે, કેટલાક ધન, યુવતી, પશુ, ક્ષેત્ર કે ગામને નિમિત્તે સ્વેચ્છા પ્રમાણે ઉત્કટ યુદ્ધ કરે છે, અને કેટલાક લોભથી દૂર દેશમાં રખડતાં પગલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પગલે કલેશ અનુભવે છે; એવી રીતે સેંકડોગમે અશાંત–ઉદ્વેગવડે આ આખું વિશ્વ વ્યાકુળ બનેલું છે, તો પછી અમે શું કરીએ અને શું કહિયે ?

૪ પોતાના હાથે ખાડો ખોદીને લોકો તેની અંદર એવી રીતે પડે છે કે તેમાંથી બહાર નીકળવાની વાત તો દૂર રહો પણ નીચે નીચે ઉતરી પડતાં વિરમતા જ નથી.

૫ જેમાં નાસ્તિકાદિ કુવાદની કલ્પના કરવામાં આવતી હોય એવા પ્રમાદને વિશેષે સેવનારા, સ્વદોષથી દગ્ધ થયા સતા નિગોદાદિક દુર્ગતિમાં પડી, હા ! હા ! તે બાપડા સેંકડોગમે દુરંત દુ:ખોને સહે છે. મતલબ કે સ્વકપોલકલ્પિત માર્ગને સ્વચ્છંદપણે સ્થાપનાર મલીન આશયવાળા વાદી લોકો રાગદ્વેષાદિક દુષ્ટ વિકારોને સેવવાથી નીચી ગતિમાં ઉતરીને બહુ દુ:ખી થાય છે.

૬ જેઓ હિતોપદેશને સાંભળતા જ નથી અને લેશ માત્ર ધર્મને મનમાં વાસતા ( વસવા દેતા ) નથી તેમના ( અંતરના ) રોગ શી રીતે દૂર કરાય ? તેનો આ એક જ ઉપાય છે.

૭ જેઓ એવી રીતે પારકાં દુ:ખ ટાળવાના ઉપાય દિલમાં ધ્યાવે છે, વિચારે છે, તેઓ પરિણામે સુંદર એવું નિર્વિકાર સુખ પામે છે.

## પંચદશ કારૂણ્ય ભાવના અષ્ટક.

૧ શરણાગત જનો ઉપર નિષ્કારણ કરૂણા કરનાર ભગવંતને હે સજ્જનો ! તમે પ્રેમથી ( પ્રમોદથી ) ભજો ! ભજો !

૨ ક્ષણવાર મનને સ્થિર કરીને જિનઆગમ રૂપ અમૃતનું પાન કરો, અને ઉન્માર્ગ રચનાથી વિષમ વિચારવાળા અસાર આગમ ( શાસ્ત્ર )નો પરિહાર કરો !

૩ જે મતિમંદ ( મુગ્ધ ) જનોને સંસારચક્રમાં રઝળાવે છે તેવા અવિવેકી ગુરૂનો પરિહાર જ કરવો અને સદ્ગુરૂનું વચનામૃત તો એક વખત પણ પીધું છતું પરમ આનંદને વિસ્તારે છે માટે એવા સદ્ગુરૂનું સેવન કરવું.

૪ કુમત ( અજ્ઞાન )રૂપી અંધકારના સમૂહથી જેનાં નેત્ર અંજાઇ ગયાં છે તેવા કુગુરૂને માર્ગ શા માટે પૂછો છો ? હે ભવ્યજનો ! જળથી ભરેલી દોણીમાં તમે દહીંની બુદ્ધિથી મંથાન ( રવૈયો ) શા માટે ફેરવો છો ?

૫ લોકનું નહિ નિગ્રહ કરેલું મન વિવિધ વ્યાધિઓને પેદા કરે છે, અને તે જ મન નિગ્રહિત–સમાધિત કર્યું છતું બેશક સુખ ઉપજાવે છે.

૬ અનાદિ કાળથી સહચારી ( મિત્રરૂપે સાથે રહેનારા ) આશ્રવ, વિકથા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગારવ તથા મદન–કામવિકારનો તમે ત્યાગ કરો અને સંવરરૂપ સાચાં હિતકર મિત્ર કરો ! એ જ ખરેખરૂં રહસ્ય છે.

૭ આ ભવ અટવીમાં અપાર રોગ સમુદાયને તમે શામાટે સહો છો ? સમસ્ત જગત્‌નો ઉપકાર કરવા દ્રઢ પ્રતિજ્ઞાવંત એવા શ્રી જિનેશ્વર ભગવાનરૂપી વૈદ્યને જ તમે અનુસરો, જેથી તમારા સમસ્ત દ્રવ્ય ભાવ રોગો ઉપશમે અને તમને અનુપમ અપૂર્વ શાન્તિ સંપજે.

૮ નિશ્ચે પરિણામે હિત કરનાર વિનય વડે કહેવાયેલું એક વચન તમે સાંભળો અને સેંકડોગમે સુકૃત તથા સુખ સાથે મેળાપ કરી આપનાર શાન્ત સુધારસનું તમે પાન કરો !

## ઇતિ કરૂણા ભાવનાર્થ.

## ચતુર્થ માધ્યસ્થ્ય ભાવના.

૧ જે ઉદાસીનતાને પામી શ્રમિત જનો વિશ્રામ પામે છે અને રોગી જનો પ્રીતિ પામે છે, તે રાગદ્વેષનો રોધ કરવાથી પામી શકાય એવું ઔદાસિન્ય અમને સદા સર્વદા પ્રિય–વલ્લભ છે.

૨ જગતમાં મર્મ ભેદનારાં ભિન્ન ભિન્ન કર્મ યોગે શુભાશુભ ચેષ્ટાવડે ભિન્ન ભિન્ન પ્રકૃતિના જીવો છે, તેમાંથી કર્મના સ્વરૂપને જાણનારાઓએ કોની કોની સ્તુતિ કરવી ? તેમજ કોની કોની ઉપર રોષ કરવો ?

૩ વીરપ્રભુ મિથ્યા પ્રરૂપણા કરનાર સ્વશિષ્ય **જમાલિને** પણ રોકી શકયા નહિ તો પછી બીજા કોણ ? કોનાવડે પાપ કર્મથી રોકી શકાય ? તેથી ઉદાસીનતા જ આદરવી હિતકારી છે.

૪ પ્રબળ શકિતવાળા અરિહંત ભગવાન પણ શું બલાત્કારે ધર્મ ઉદ્યમ કરાવે છે ? તેઓ તો શુદ્ધ નિર્દોષ ધર્મનો ઉપદેશ આપે છે. તે પ્રમાણે જે ભવ્યજનો વર્તે છે તે સંસાર સમુદ્ર તરી જાય છે.

૫ તે માટે સજ્જનો ઔદાસિન્યરૂપ અમૃત નિચોળનું વારંવાર આસ્વાદન કરો ! જેથી આનંદની ઉછળતી ઉર્મીવાળો આત્મા મુકિતસુખને પામે.

## ષોડશ ઔદાસિન્ય ભાવના અષ્ટક.

૧ હે આત્મન્ ! તું ઔદાસિન્ય રૂપ ઉદાર અચળ સુખ અનુભવ ! કેમકે તે આગમ–સિદ્ધાન્તના સારરૂપ મોક્ષસાથે મેળવી આપનાર અને વાંછિત ફળ આપવા કલ્પવૃક્ષ સમાન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨ પર પુદ્ગલિક ચિંતાજાળનો તું ત્યાગ કર! અને નિજ અવિકાર આત્મસ્વરૂપનું ચિંતવન કર! કોઇ મુખથી (મોટી) વાતો કરેછે પણ કેરડોજ મેળવે છે, ત્યારે બીજા પુરૂષાર્થી જનો સહકાર-આમ્ર મેળવે છે. મતલબ કે કેટલાક વાત કરીને વિરમે છે, પણ કંઇ જીવ જેવું કાર્ય કરતા નથી ત્યારે બીજા મહત્વનું કાર્ય કરી દેખાડે છે.

૩ જે કોઇ હિત ઉપદેશને સહન ન કરી શકે (દુર્દૈવથી હિત ઉપદેશ ન રૂચે) તેની ઉપર તું કોપ કરીશ નહિ. નકામો કોઇ ઉપર કોપ કરીને તું શા માટે પોતાના સ્વભાવિક સુખનો લોપ કરે છે?

૪ કેટલાક જડમતિજનો શાસ્ત્રનો અનાદર કરી શાસ્ત્રવિરૂદ્ધ ભાષણ કરેછે તે મૂઢ જનો નિર્મળ નીર તજી લઘુનીત (મૂત્ર) નુંજ પાન કરે છે, એમાં આપણે શું કરીએ? તેમાં તેમના નસીબનોજ દોષ છે.

૫ પોતપોતાની ગતિઅનુસારે પ્રાણીના મનઃ પરિણામ વર્તે છે, '**જેવી ગતિ તેવી મતિ**' **થાય છે** તે તું કેમ સમજતો નથી? જે જીવનું જેવું પરિણામ આવવાનું હોય છે તે તારાથી મિટાવી શકાય તેમ નથી.

૬ આનંદદાયી સમતાને તું દીલથી રમાડ અને માયા જાળને સંકેલ-તેનો ત્યાગ કર, તું પુદ્ગલપરાધીનતા નકામી ભોગવે છે. આયુષ્ય પરિમિત કાળનુંજ છે. (માટે ગફલત ન કર.)

૭ અંતરમાં રહેલો ચેતન-આત્મા એજ અભિરામ (મનહર) અનુપમ તીર્થ છે તે યાદ કર! ચિરકાળ પર્યંત નિર્મળ પરિણામ ધારી રાખ! તું અક્ષય સુખ (મોક્ષ) ને પામીશ.

૮ પરબ્રહ્મ-પરમાત્મ સ્વરૂપ પ્રાપ્તિના નિદાન (મૂળ કારણ) રૂપ સ્ફુટ કેવળ વિજ્ઞાન આપવાવાળું તેમજ વિનય વડે (વિનય વિજયજી ઉપાધ્યાય મહારાજે) વિવેચન કરાયેલું **શાન્તસુધારસનું** પાન હે ભદ્ર! તું કર!

## ઉપસંહાર.

૧ એવી રીતે સદ્ભાવનાવડે જેમનું હૃદય સુવાસિત છે તે સત્ત્વવંત પુરૂષો સંશય રહિત-નિઃશંક હૃદયગાનથી ઉદાર આત્મતત્વની ઉન્નતિ સાધી, શીઘ્ર મોહ નિદ્રા-મમત્ત્વને દૂર કરી, મમત્ત્વ વર્જિતપણે અનુપમ ચક્રવર્તી અને ઇંદ્રથી પણ અધિક સુખ સહજ સંપાદન કરી, અતિ નમ્રતાને ધારણ કરતા છતા વિશાળ કીર્તિને વરે છે.

૨ જેના પ્રભાવથી દુર્ધ્યાન રૂપ પ્રેતની પીડા લગારે પજવતી નથી, અપૂર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(ક્લેશ વર્જિત) સુખની સ્ફુરણા ચિત્તને પ્રસન્ન કરેછે, ચોતરફ સુખની પુષ્ટિ રૂપી નદી પ્રસરી રહે છે, રાગ દ્વેષાદિક શત્રુવર્ગ ક્ષય પામે છે અને સિદ્ધિરૂપ સામ્રાજ્ય-લક્ષ્મી વશ થાયછે, તેવી પૂર્વોકત ભાવનાઓને વિનયયુકત પવિત્ર બુદ્ધિવડે હે ભવ્ય-જનો ! તમે સેવો !

૩ **શ્રીસોમવિજય** વાચક (ઉપાધ્યાય) અને **શ્રી કીર્તિવિજય** વાચક એ બન્ને શ્રી **હીરવિજય** નામના સૂરીશ્વરના શિષ્ય હોવાથી ગુરૂભાઇ હતા.

૪ તેમાં શ્રી કીર્તિવિજય વાચકના શિષ્ય ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીએ આ **શાન્તસુધારસ** નામનો ભાવના સંબંધી પ્રકૃષ્ટ બોધ કરનારો ગ્રંથ રચ્યો છે.

૫ આ પ્રયત્ન શ્રી **વિજયપ્રભ** સૂરિની કૃપાથી ગંધપુર (ગંધાર) નગરમાં સંવત્ ૧૭૨૩ મા વર્ષે સફળ થયો.

૬ જેમ ચંદ્ર સોળ કળા વડે સંપૂર્ણતા પામી જગત્‌ને પાવન કરે છે તેમ આ ગ્રંથ સંપૂર્ણ સોળ પ્રકાશ વડે શિવ સુખનો વિસ્તાર કરો !

૭ જ્યાં સુધી જગત્‌માં આ પ્રગટ દેખાતા સૂર્ય અને ચંદ્ર સદા ઉદય પામ્યા કરે ત્યાં સુધી આ પ્રકાશમાન શાસ્ત્ર રૂપ જ્યોતિ પણ સત્પુરૂષોને પ્રમોદ આપ્યા કરો ! તથાસ્તુ !!

આ ગ્રંથની વ્યાખ્યા કરતાં મતિમંદતાદિક દોષથી જે અન્યથા લખાણ થયું હોય તે સજ્જનો સુધારી તેમાંથી સાર માત્ર ગ્રહી મને ઉપકૃત કરશો.

**સન્મિત્ર કર્પૂરવિજય.**

---

# ગત વર્ષના મુખપૃષ્ટપરના શ્લોકનું સવિસ્તર વિવેચન.

અનુસંધાન પૃષ્ટ ૧૧૪ થી.

## જિન વચન શ્રવણ.

શ્લોકના ત્રીજા પાદમાં જણાવવામાં આવેલ છે કે 'મિથ્યાત્વનો નાશ કરનાર જિનવચન પ્રતિદિન સાંભળવું.' શ્રી જિનેશ્વર ભગવાનના મુખથી પ્રકટ થયેલ વચનોને ગણધરોએ ગુંથીને શાસ્ત્ર રચના કરેલી છે અને તેને બુદ્ધિમાન પ્રધાન મુનિવરોએ ધારી રાખી પુસ્તક રૂઢ કરેલ છે તે વચનો જૈનસાધુઓના મુખથી વ્યાખ્યાન દ્વારાએ—ઉપદેશ દ્વારાએ પ્રતિદિન સાંભળવાથી અજ્ઞાન મૂલક મિથ્યાત્વનો નાશ થાય છે અને મિથ્યાત્વનો નાશ થતાં મોક્ષમાર્ગ દર્શક પરમ સ્યાદ્વાદ મતનું શુદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપ સમજાય છે. **શ્રાદ્ધવિધિ** ગ્રન્થમાં શ્રાવક શબ્દનો અર્થ પ્રરૂપતાં કહેવામાં આવેલ છે કે **शृणोति यतिभ्यः सम्यक् समाचारीमिति श्रावकः** 'યતિઓ પાસેથી રૂડી રીતે સમાચારીનું શ્રવણ કરે તે શ્રાવક' અને બીજી રીતે શબ્દાર્થ કરતાં **स्रवति अष्टप्रकारं कर्मेति श्रावकः** 'અષ્ટપ્રકારના કર્મક્ષય કરે તે શ્રાવક.' આ બે પ્રકારના શબ્દાથમાં પ્રથમનો શબ્દાર્થ જોતાં આ બીજા પદમાં ફરમાવ્યા મુજબ જિનવચન સાંભળનાર પુરૂષ જ શ્રાવક કહેવાને યોગ્ય છે. ધર્મનું ખરૂં સ્વરૂપ સમજાયા બાદ વર્તન શુદ્ધ થઇ શકે છે અને તેથીજ શુદ્ધ વર્તનવાળા આત્મ કલ્યાણ સહેજે સાધી શકેછે. વિદ્વાન્ મુનિવરો દેશકાળને અનુસરી વ્યાખ્યાન આપવાનું રાખે તો સર્વ કોઇ તેનો લાભ લઇ શકે અને અનેક ભવ્ય જીવોને ઉપકાર થતાં શાસનોન્નતિની ધ્વજા ફરકવા લાગે. પવિત્ર મહાવિદેહ ક્ષેત્રની માફક સદાકાળ શ્રીજિનેશ્વર ભગવાનના વિહારના અભાવે પૂજ્ય મુનિવરોજ માર્ગદર્શક હોઇ પરમ ઉપગારી છે.આ અવસર્પિણી કાળમાં તેમનાજ આલંબનથી આપણે રસ્તે ચડી ઇચ્છિત સ્થાનકે પહોંચવાને શકિતમાન થઇ શકીએ છીએ.ધર્મના સ્થંભરૂપ વિદ્વાન્ સાધુજનોની અમૃત સમાન વાણીના પાનથી પવિત્રિત થઇ સમકીતવંતો સાદિ અનંત સ્થિતિ પ્રાપ્ત કરવાને ઉદ્યમવંત થઇ શકે છે. પરંપરાથી ચાલતી આવેલ રૂઢી મુજબ ઉપાશ્રયના એક ખુણામાં બેસીને વ્યાખ્યાન વાંચનાર સાધુના કરતાં આધુનિક સમયને અનુસરી સામાન્ય જનસમુદાયનું વલણ કઈ દિશામાં છે તે જાણી લઇ જાહેર સભામાં ઉપદેશ આપનાર જનસ્વભાવના જાણકાર મુનિ ધર્મનો વિશેષ ઉદ્યોત કરી શકે છે. વ્યાધિની ખરી ચિકિત્સા જેવી રીતે વૈદ્યને વ્યાધિનો મૂળમાંથી નાશ કરવા માટે ઉપયોગી થઇ પડે છે તેવીજ રીતે શ્રોતાના સ્વભાવનું જ્ઞાન મુનિને ગ્રહસ્થ શિષ્યોને ખરે માર્ગે દોરવા માટે મદદગાર થાય છે.

પૂજ્ય સાધુવર્ગ તરફ ઉપેક્ષા ભાવ રાખી ધાર્મિક અભ્યાસમાં સ્વતઃ પોતાની મેળે આગળ વધવાનો વિચાર રાખનારા જૈન બંધુઓનું **श्रोतव्यं** શબ્દ તરફ ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે. સુક્તમુક્તાવલિકાર મિથ્યાત્વ-જડવાદના નાશ નિમિત્તે આ સ્થાને જિન વચન વાંચવા વિચારવાનું નહિ કહેતાં ખાસ સાંભળવાનું ફરમાવે છે. જૈન તત્ત્વ વિદ્યાના ગૂઢ રહસ્યો પરમ માન્ય વિદ્વાન્ સાધુ વર્ગજ સમજાવી શકે છે અને તેથી તેમના આશ્રયની ખાસ આવશ્યકતા સ્વીકારવામાં આવે છે. જૈન સાધુ સમુદાયમાં તેવા જ્ઞાનવાળા દશ બાર કરતાં પણ વધારે સાધુઓ અત્યારે મળી શકે તેવી સ્થિતિ છે. તો પછી ગ્રહસ્થ સાક્ષર બંધુઓએ શામાટે તેમનો લાભ લેવા ચુકવું જોઇએ ? આજકાલ પાશ્ચાત્ય વિદ્યાવૃદ્ધિના પ્રતાપે **સ્પેન્સર** આદિ યુરોપિયન વિદ્વાનોના અભિપ્રાયો માન્ય થઇ, કેળવાએલ વર્ગમાં જડવાદ એટલું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધું ઉંડું મૂળ ઘાલી સ્થિત થયેલ છે કે તેને જડ મૂળથી ઉખેડી નાંખવા માટે સાધુ વર્ગજ સમર્થ થઇ શકે તેમ છે. સાધુ સમુદાયમાં અગ્રગણ્ય મુનિવરોએ આ દિશામાં ખાસ પ્રયાસ કરવાની જરૂર છે. કેળવાએલ ગ્રહસ્થો અને વિદ્વાન્ સાધુઓ વધારે અને વધારે પરિચયમાં આવ્યાથી જડવાદથી થતી અસરો તેમનાથી નાબુદ થઇ શકશે.

પરમ શાન્તિનો આ સમય સુસ્ત બની બેસી રહી નિરર્થક ગુમાવવાનો નથી. સર્વત્ર જાગૃતિનાં મોજાં ચારે બાજુ ઉછળી રહ્યાં છે, કોઇપણ સંપ્રદાય પોતા સામે થતા આક્ષેપો મુંગે મોઢે સહન કરી લે તેવો વખત જતો રહ્યો છે. જુદા જુદા ધર્મો ઉપર ક્રિશ્ચિયન ધર્મગુરૂઓ તરફથી થતા હુમલાઓએ તથા સ્વધર્મથી પતિત થતા અનેક માણસોના દ્રષ્ટાંતોએ સર્વ ધર્મવાળાઓને જાગૃત કર્યા છે. આવા સમયમાં જૈનોએ પણ જાગૃત–સાવચેત થવાની જરૂર છે. સ્વધર્મથી વિમુખ થતા જૈન બંધુઓને ધર્મ ભ્રષ્ટતાથી બચાવવા ઉપરાંત અન્ય ધર્માવલંબીઓ ઉપર પણ જૈન ધર્મના સિદ્ધાંતોની ઉત્તમ છાપ પાડવાની આવશ્યકતા છે. આ સર્વ સાધુ સમુદાયના જ્વલંત પ્રયાસ ઉપર આધાર રાખે છે. આ સંબંધમાં વિશેષ લખવાનો આ પ્રસંગ પ્રસ્તુત કહી શકાય નહિ તેથી વિરમવું પડે છે.

શ્લોકના ચોથા પાદમાં दानादौ व्रतपालनं છે તેના કરતાં दानादौ व्रतपालने એ પ્રયોગ વધારે બંધ બેસતો જણાય છે. दानादौ કહેતાં દાન,શીલ,તપ અને ભાવના; એ ચાર પ્રકારના ધર્મમાં અને व्रतपालने એટલે અહિંસાદિક બાર વ્રત પાળવામાં શ્રાવકોએ નિરંતર આસક્તિ રાખવી જોઇએ દાન, શીલ, તપ અને ભાવનાના સંબંધમાં વિસ્તારથી વિવેચન નહિ કરતાં અત્ર માત્ર તેના ભેદો જણાવવાનું યોગ્ય ધારવામાં આવે છે. દાન પાંચ પ્રકારનું છે. અભયદાન,સુપાત્રદાન, અનુકંપાદાન, કિર્તિદાન અને ઉચિતદાન. આમાંના પ્રથમ કહેલા બે દાન પરંપરાએ મોક્ષ સુખને આપનારા છે ત્યારે પાછળના ત્રણ પ્રકારના દાનો માત્ર ઐહિક સુખ અગર લાભની પ્રાપ્તિ કરાવે છે. શીલના જુદી જુદી અપેક્ષાએ ભેદ પાડવામાં આવે છે. શીયળગુણથી વિભૂષિત મનુષ્ય સ્વર્ગ અપવર્ગનાં સુખ મેળવી શકે છે. તપના મુખ્ય બે ભેદ છે, બાહ્ય અને અભ્યંતર. બાહ્યતપના નીચે મુજબ છ પ્રકાર છે (૧) અનશન–ચાર પ્રકારના આહારનો ત્યાગ થોડા કાળ સુધી અથવા જાવજીવ કરવો તે (૨) ઉનોદરિક–જરૂર હોય તે કરતાં પાંચ સાત કોળીયા ઓછા જમવા તે (૩) વૃત્તિસંક્ષેપ–આજીવિકાનો સંક્ષેપ કરવો (૪) રસત્યાગ–વિગયનો ત્યાગ કરવો (૫) કાયકલેશ–કષ્ટ સહન કરી કાયાને દમવી તે (૬) સંલીનતા–અંગોપાંગ સંકોચી રાખવા તે. અભ્યન્તર તપ પણ છ ભેદે છે (૧) પ્રાયશ્ચિત્ત–અપરાધ કરેલો હોય તેની ગુરૂ પાસે આલોયણા લેવી તે (૨) વિનય–દેવગુરૂનો વિનય તથા ભક્તિ સાચવવી તે (૩) વૈયાવૃત્ય–ગુરૂને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આહારાદિક લાવી આપવા, પગ ચાંપવા વિગેરે વૈયાવચ્ચ કરવી તે (૪) સ્વાધ્યાય—વાંચવું, ભણવું ઇત્યાદિ પાંચ પ્રકારનો સ્વાધ્યાય (૫) ધ્યાન-ધર્મધ્યાન, શુકલધ્યાન ધ્યાવારૂપ ધ્યાન (૬) કાયોત્સર્ગ-કર્મક્ષય નિમિત્તે કાઉસગ્ગ કરવો તથા પરિષહ ઉપસર્ગ સહન કરવા. મુખ્ય ભેદે બંને પ્રકારના તપ કર્મની નિર્જરા કરવામાં પરમ સાધનભૂત છે. તપશ્ચર્યાથી કેટલાએક કર્મો ભોગવ્યા સિવાય એમને એમ ભસ્મીભૂત થાયછે. કોઇપણ ઉપાયે કર્મોનો ક્ષય થઇ શકતો હોય-બાળી શકાતા હોય તો તે તપશ્ચર્યાથીજ થઇ શકે છે. તપના પ્રભાવથી આમોસહી પ્રમુખ અનેક લબ્ધિઓ, અષ્ટ મહાસિદ્ધિ અને નવનિધિ પ્રાપ્ત થાય છે. તપ અપૂર્વ કલ્પવૃક્ષ છે. તેનું ફળ તો શિવસુખની પ્રાપ્તિ થાય તેજ છે અને દેવતાઓની તેમજ મનુષ્યની અથવા ઇંદ્રની કે ચક્રવર્ત્યાદિકની ઋદ્ધિ પ્રાપ્ત થાય તે તો તેનાં પુલ છે. ઉપશમ રસ તે તેનો અમૂલ્ય મકરંદ છે.

લોકોમાં લૌકિક અને લોકોત્તર અનેક પ્રકારના મંગળો કહેવાય છે. તે સર્વ મંગળોમાં પ્રથમ અને સર્વોત્કૃષ્ટ મંગળ તપ છે.તેનાથી સર્વ વિઘ્નો નાશ પામે છે. મોક્ષમાર્ગે ચાલતા પથિક જનોને તે ઉત્તમ સહાય રૂપ છે. પરંતુ તે સમતા સહિત અને આશંસા રહિત કરવાથી જ યોગ્ય ફળ આપે છે. ખરા તપસ્વી જનો કદાપિ પણ ક્રોધને વશ થતા નથી. ક્રોધને જન્મ આપે તે તપ વાસ્તવિક રીતે તપ કહી શકાય જ નહિ. તદ્‌ભવ મુક્તિગામી શ્રી વીરપરમાત્માની ઉત્કૃષ્ટ તપશ્ચર્યા, આપણુ પામર જનોને-પુદ્‌ગલાનંદી જીવોને, શરીરને પુષ્ટ બનાવવામાંજ જીવિતવ્યનું સાર્થક સમજનાર ભવાભિનંદી મનુષ્યોને, અનુપમ દૃષ્ટાંત રૂપ છે. પ્રસંગ મળ્યે તપ વિષયક સ્વતંત્ર લેખ લખવા વિચાર છે તેથી અત્ર વિસ્તારથી વિવેચન કરવાનું યોગ્ય ધારવામાં આવ્યું નથી.

ભાવનાના ચાર ભેદ છે. મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય. બીજી રીતે નીચે પ્રમાણેની બાર પ્રકારની ભાવના કહેલી છે. (૧) અનિત્ય (૨) અશરણ (૩) સંસાર (૪) એકત્વ (૫) અન્યત્વ (૬) અશુચિ (૭) આશ્રવ (૮) સંવર (૯) નિર્જરા (૧૦) લોકસ્વરૂપ (૧૧) બોધિદુર્લભ અને (૧૨) ધર્મ ભાવના.

આ ભાવનાઓ સિદ્ધિપદ પ્રાપ્ત કરવાને નીસરણીરૂપ છે. જુદી જુદી ભાવનાઓ ભાવતો જીવ ક્રમે ક્રમે ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરે છે. સંસારથી વિરક્ત થવાને, મોહ બંધના પાસથી છુટા થવાને અને કર્મક્ષય કરવાને માટે આ ભાવનાઓ ઉદાર આશ્રયરૂપ છે. મૈત્ર્યાદિક ભાવના એટલા બધા ઉમદા આશયથી ભરેલી છે કે તેના અમલથી દેશના તમામ લોકોને બંધુ ભાવથી એકત્ર કરવાની વૃત્તિ સ્હેજે વૃદ્ધિ પામી શકે તેમ છે. આવી ઉત્તમ ભાવનાઓ ભાવવાનો ઉપદેશ આપતું જૈન શાસન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અખિલ વિશ્વમાં સર્વ પ્રાણીઓ સાથે બંધુ ભાવ પ્રકટાવવાનું સામર્થ્ય ધરાવે છે એમ કહેવામાં બીલકુલ અતિશયોક્તિ નથી. આ વિષયમાં કિંચિત્ પણ પ્રયાસ કરવામાં આવતો નથી, તેજ મોટા ખેદની વાત છે. આત્મિક કલ્યાણ સાધવાની ઈચ્છાવાળા મુમુક્ષુ જીવોને પ્રત્યેક ભાવના મુખ્ય સાધનભૂત છે.

ગૃહસ્થ ધર્મમાં રહેલ શ્રાવક ભાઈઓને શાસ્ત્રકારોએ બાર વ્રત પાળવાનાં કહેલાં છે. કારણ કે વ્રતધારી જૈન બંધુઓ અલ્પ પ્રયાસે આત્મ કલ્યાણ સાધી શકે છે. બાર વ્રતો પૈકીનાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત લેખવામાં આવે છે. સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત, સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત, સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત, સ્વદારા સંતોષ પરસ્ત્રીગમન વિરમણ વ્રત, પરિગ્રહ પરિમાણ વ્રત–એ પાંચ અણુવ્રતો; દિગ્વિરમણ વ્રત, ભોગોપભોગ વિરમણ વ્રત, અનર્થદંડ વિરમણ વ્રત–એ ત્રણે ગુણવ્રતો અને સામાયિક, દેશાવગાસિક, પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ–એ ચાર શિક્ષાવ્રતો. એ રીતે શ્રાવક ધર્મને યોગ્ય બાર વ્રતો પ્રકાશેલા છે. પ્રથમના ત્રણ પાદમાં જણાવેલ આવશ્યક ક્રિયાઓ કરવાથી સુશીળ જૈન બંધુઓની દાનાદિકમાં તેમજ વ્રત પાળવામાં આસક્તિ ઉદ્ભવે છે, એટલુંજ નહિ પરંતુ તે સતત્ જારી રહે છે.

ભવ્ય જીવોએ દશ દષ્ટાંતે દુર્લભ એવો આ મનુષ્ય દેહ, ઉચ્ચ કુળ, શ્રાવકપણું વગેરે સાધનો પ્રાપ્ત કરી પોતાનું જીવિતવ્ય નિરર્થક ગુમાવી દેવું જોઈતું નથી. તેઓએ વિષયસુખમાં નિમગ્ન રહી પોતાના સમસ્ત કાર્યોની પર્યાપ્તિ સમજી લેવાની નથી. પરંતુ આગામી ભવોનું ભવિષ્ય ઉજ્વલ બનાવવાની જરૂર છે. અનેક પૂર્વભવોનું સંચિત કરેલું પુણ્ય ધન એકદમ લુંટાવી નહિ દેતાં તેમાં વૃદ્ધિ કરવાની જરૂર છે. એક ક્ષણ પણ પ્રમાદમાં નહિ ગાળતાં સદા આત્મ જાગૃતિ રાખવાની આવશ્યકતા છે. કિંચિત્ પણ પ્રમાદ કરવાથી અનેક અશુભ વિચારોને ચિત્તમાં સ્થાન મળે છે, પ્રાયઃ અનર્થોની પરંપરા ઉદ્ભવે છે અને તેથી જ મુમુક્ષુ જીવોએ પ્રમાદમાં મુદ્દલ વખત નહિ ગાળતાં શાસ્ત્રકારોએ ઉપદેશેલા માર્ગમાં વિચરવું જોઇએ. વિષય કષાયથી નિવૃત્ત થઇ, સાંસારિક કાર્યોથી ફારગત થઇ, ઉપરના શ્લોકમાં સુક્તમુક્તાવલીકારે ફરમાવેલ કાર્યોમાં આઠ–દશ ઘડી સમય પસાર કરવાની જરૂર છે. આ એકાન્ત પ્રવૃત્તિમય જમાનામાં આપણે આખો દિવસ અને રાત્રિ ઐહિક સુખ નિમિત્તે વ્યાપારાદિ સાંસારિક કાર્યોમાં રોકાઇ રહીએ અને પારલૌકિક સુખ તરફ બેદરકાર રહીએ તો કંઇ પણ આત્મકલ્યાણ સાધી શકીએ નહિ. લગભગ સવારનો અને સાંજનો વખત ધાર્મિક કાર્યો માટે નિર્મિત કરેલો હોય એમ સંભવે છે; અને આ પ્રકારની પ્રવૃત્તિ જૈનપુરી ગણાતા અમદાવાદ શહેરમાં એવી સારી રીતે જળવાઇ ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેલી છે કે આપણને તેથી પૂરતો સંતોષ માનવાને કારણ મળે છે. બજારની તમામ દુકાનો દશ વાગ્યા પછીજ ઉઘાડવામાં આવે છે. તેથી સવારનો વખત સર્વ કોઇથી નિશ્ચિંતપણે ધાર્મિક કાર્યોમાં રોકી શકાય છે. મનુષ્યે કાર્યસિદ્ધિ માટે અમુક પ્રકારનો અભ્યાસ પાડવાની જરૂર છે. પ્રસ્તુત શ્લોકમાં જણાવેલ કાર્યોના અભ્યાસથી ક્રમે કરીને દરેક કાર્યો આપણા જીવન વ્યવહારની સાથે એટલા ઓતપ્રોત થઇ જાય છે કે અચાનક સખ્ત માંદગીના પ્રસંગ સિવાય કોઇ કાળે પણ જિનવંદન, સાધુ સેવા, શાસ્ત્ર શ્રવણ વિના ચલાવી શકાતું નથી. આ પ્રસંગે એટલું જણાવવાની જરૂર છે કે દિન પ્રતિદિન જિનવંદન, સાધુ સેવા અને શાસ્ત્ર શ્રવણ કર્યાની સાર્થકતા ત્યારેજ કહી શકાય કે જ્યારે આત્મિક ગુણો પ્રકટ કરવા તરફ ઉદ્યમવંત થવાનું બને. જે હેતુ માટે—ફળ પ્રાપ્તિ માટે ક્રિયા કરવામાં આવે તે હેતુ જળવાય નહિ તો પછી તેને માટે ક્રિયા કરવાથી શું લાભ ? વિવેકી જૈનબંધુઓ ક્રિયામાર્ગનું ખરૂં સ્વરૂપ સમજી આત્મિક ગુણો પ્રગટ કરવા માટે ઉત્સાહવંત થાઓ એટલું ઇચ્છી વિરમું છું.

ॐ शान्ति.

# શ્રી શાંતિનાથ ચરિત્રની પ્રસ્તાવનાનું ભાષાંતર.

શ્રી શાંતિનાથ પરમાત્માના ચરિત્રો સંસ્કૃત ભાષામાં અનેક આચાર્યોએ રચેલાં છે. તે પૈકી શ્રી મુનિભદ્રસૂરિકૃત પદ્યાત્મક ચરિત્ર હાલમાંજ શ્રી બનારસ જૈન પાઠશાળા તરફથી બહાર પાડવામાં આવ્યું છે. બીજું શ્રી અજિતપ્રભસૂરિકૃત પદ્યાત્મક ચરિત્ર શ્રી કલકત્તામાં એશિયાટીક સોસાઇટી તરફથી છપાય છે. ત્રીજું શ્રી ભાવચંદ્રસૂરિકૃત આ ગદ્યાત્મક ચરિત્ર શ્રી લીંબડીના સંઘ તરફથી આવેલી રકમમાંથી અમે શુદ્ધ કરાવીને છપાવ્યું છે. આ શિવાય શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્રના પાંચમા પર્વમાં પણ આ પરમાત્માનું જ ચરિત્ર પદ્યાત્મક છે તે શ્રી હેમચંદ્રાચાર્ય કૃત છે ને છપાઇને બહાર પડેલું છે. આ સિવાય બીજાં પણ તેમનાં ચરિત્રો છપાયા વિનાનાં અપ્રસિદ્ધ સ્થિતિમાં છે. આ સર્વ ચરિત્રોમાં ગદ્ય ચરિત્ર આ એકજ દૃષ્ટિગત થયું છે. આ ચરિત્રની રચના એટલી બધી સરલ છે કે સામાન્ય સંસ્કૃતના અભ્યાસી પણ તે વાંચી શકે તેમ છે. એની અંદર રસિકતા એટલી બધી સમાવી છે કે વાંચવાને શરૂ કરનાર માણસ તે પૂરૂં વાંચવા સ્વતઃ ઉત્કંઠિત થાય છે.

૧ શ્રી ભાવચંદ્રસૂરિ કૃત ગદ્યબંધ શાંતિનાથ ચરિત્ર હાલમાં અમારા તરફથી બહાર પાડવામાં આવ્યું છે. તેની પ્રસ્તાવના સંસ્કૃતમાં આપેલી છે. તે જાણવા લાયક હોવાથી તેનું ભાષાંતર અહીં આપ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ ચરિત્રમાં છ સર્ગ ( પ્રસ્તાવ ) પાડવામાં આવ્યા છે. તેમાં પ્રથમ સર્ગમાં ભગવંત શાંતિનાથજીના જીવ શ્રીષેણુ નામે રાજા છે. તેને બે રાણી છે અને એક કપિલ પુરોહિતની સ્ત્રી સત્યભામા તેમના આશ્રયમાં આવે છે. એ ચારે બીજા ભવમાં ઉત્તરકુરૂમાં બે યુગલિક થાય છે. ત્રીજે ભવે તે ચારે સૌધર્મ દેવલોકમાં દેવ થાય છે. આટલો અધિકાર છે.

બીજા સર્ગમાં તેમના ચોથાને પાંચમા ભવનો અધિકાર છે. તેમાં એ ચારે જીવોનો સંબંધ આવે છે, પરંતુ પછી બે જીવોનો સંબંધજ આગળ શરૂ રહે છે. ચોથા ભવમાં શ્રીષેણુનો જીવ અમિતતેજા વિદ્યાધર થાય છે ને તેની રાણી અભિનંદિતાનો જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવનો પુત્ર શ્રીવિજય થાય છે. આ બેનો સંબંધ છેવટ સુધી ચાલ્યો આવે છે. બીજી બે તેમની સ્ત્રીઓ થાય છે. ચોથો ભવ પૂર્ણ કરીને પાંચમે ભવે તે અમિતતેજા ને શ્રીવિજય દશમે દેવલોકે દેવતા થાય છે, પરંતુ શ્રીવિજય ચોથા ભવમાં વાસુદેવ થવાનું નિયાણું કરે છે.

ત્રીજા સર્ગમાં છઠાને સાતમા ભવનો અધિકાર છે. છઠ્ઠા ભવમાં અમિતતેજાનો જીવ સ્વર્ગથી ચ્યવી પૂર્વ મહાવિદેહમાં અપરાજિત નામે બળદેવ થાય છે, ને શ્રીવિજયનો જીવ અનંતવીર્ય નામે વાસુદેવ થાય છે. ત્યાંથી ભવ પૂર્ણ કરીને અપરાજિત બળદેવ બારમે દેવલોકે દેવતા થાય છે, ને અનંતવીર્ય વાસુદેવ પહેલી નરકે ૪૨૦૦૦ વર્ષને આયુષે નારકી થાય છે. ત્યાંથી નીકળી મેઘનાદ નામે વિદ્યાધર થઇ ચારિત્ર પાળીને તે પણ બારમે દેવલોકે દેવતા થાય છે. તેના બે ભવ વધે છે.

ચોથા સર્ગમાં ભગવંત શાંતિનાથજીના આઠમા ને નવમા ભવનો અધિકાર છે. તે ભવમાં અપરાજિત બળદેવનો જીવ ક્ષેમંકર જિનના પુત્ર વજ્રાયુધ નામે ચક્રવર્તી થાય છે અને વાસુદેવનો જીવ તેમનો પુત્ર સહસ્રાયુધ થાય છે. આ સર્ગમાં અનેક જીવોના પૂર્વભવ કથનાદિ પ્રસંગો આવેલા છે. વજ્રાયુધને આ ભવમાં અવધિજ્ઞાન પણ છે. આ ભવમાં ચારિત્રનું આરાધન કરીને બંને જીવો નવમા ગ્રૈવેયકે અહમિંદ્ર દેવપણે ઉત્પન્ન થાય છે.

પાંચમા સર્ગમાં દશમા ને અગ્યારમા ભવનો અધિકાર છે. આ ભવમાં ઘનરથ તીર્થંકરના મેઘરથ ને દૃઢરથ નામે બંને પુત્ર થાય છે. મેઘરથને આ ભવમાં પણ અવધિજ્ઞાન છે. તેઓ પૌષધમાં શરણે આવેલા પારેવાનું પોતાનો પ્રાણ આપવા તૈયાર થઇને રક્ષણ કરે છે. આ પ્રસંગ ખાસ વાંચવા યોગ્ય છે. અહિંસા ધર્મનું સર્વોત્કૃષ્ટપણું અંગિકાર કરી વીશ સ્થાનકના આરાધન વડે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. અને આયુ પૂર્ણ કરીને બંને જીવો સર્વાર્થસિદ્ધે દેવપણે ઉત્પન્ન થાય છે.

છઠ્ઠા સર્ગમાં છેલ્લા (બારમા) ભવનો અધિકાર છે. આ ભવમાં તીર્થંકરપણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરાંત ચક્રવર્તીપણું પણ પામે છે. દ્રઢરથનો જીવ સંસારીપણામાં તેમના પુત્ર ચક્રાયુધ થાય છે અને ભગવંતને કેવળજ્ઞાન થયા પછી તેમના મુખ્ય ગણધર થાય છે. આ સર્ગમાં કથાઓનો સારો સંગ્રહ કરેલો છે. આ સર્ગની અંદર ભગવંતના પાંચે કલ્યાણકોનું વર્ણન છે અને ભગવંત નિર્વાણ પામવાની સાથે આ સર્ગ ને ચરિત્ર સમાપ્ત કરવામાં આવેલાં છે. ચક્રાયુધ પણ તેજ ભવે સિદ્ધિપદને પામે છે.

શાંતિનાથ પરમાત્માના જીવની મૂળથીજ ઉત્કૃષ્ટતા દેખાઇ આવે છે. યુગલિક થયા તેપણ સૌથી શ્રેષ્ટ ઉત્તરકુરૂ ક્ષેત્રમાં પૂર્ણ આયુષે થયા છે. બે ભવમાં તીર્થંકરના પુત્ર થયા છે, એ પણ પ્રબળ ભાગ્યની નિશાની છે. તે વિના તીર્થંકરના પુત્ર થવું એ સહેજે પ્રાપ્ત થાય તેવી હકીકત નથી. વળી છેલ્લા ભવ ઉપરાંત મનુષ્ય તરીકેના પાછલા બંને ભવમાં પણ અવધિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તે પણ જ્ઞાનનો બળવાન્ ક્ષયોપશમ સૂચવે છે. ચક્રવર્તીપણું બે વાર પામે છે; પ્રથમ વજ્રાયુધના ભવમાં ને બીજું છેવટના ભવમાં. એકવાર બળદેવ થાય છે. આટલા ઉપરથી એમ સિદ્ધ થાય છે કે એવી કોઇ ઉત્તમ સંપદા બાકી રહેલી નથી કે જે તેમણે પ્રાપ્ત કરી ન હોય. આવા ઉત્તમ જીવનું જેટલું ગુણગાન કરીએ તેટલું ઓછું છે.

આ ચરિત્રના છએ સર્ગોમાં પ્રાસંગિક અનેક કથાઓ સમાવવામાં આવી છે. પ્રથમ સર્ગમાં ધર્મારાધન ઉપર મંગળકળશની કથા આપવામાં આવી છે. તેનો રાસ પણ થયેલો છે ને છપાયો છે. બીજા સર્ગમાં ધર્મમાં અંતરાય ન કરવા ઉપર મત્સ્યોદરની કથા છે. તેનો પણ રાસ થયેલો છે પણ છપાયેલ નથી. ત્રીજા સર્ગમાં મિત્રાનંદ ને અમરદત્તની ઘણી રસિક કથા છે. તે અલ્પ દુષ્કૃતનું પણ મહાન્ ફળ ભોગવવું પડે છે એ વાક્યની સિદ્ધિ ઉપર છે. તેનો પણ રાસ થયેલો છે પણ છપાયો નથી. એ કથાની અંતર્ગત્ ઇંદ્રિયોના વિષયોને આધીન ન થવા ઉપર જિનપાલિત ને જિનરક્ષિતની કથા છે. સિવાય નૃસિંહ રાજર્ષિની કથા આ સર્ગમાં આવેલી છે તે પણ વાંચવા યોગ્ય છે. ચોથા સર્ગમાં અમૃતામ્ર વિનાશાદિ પ્રસંગ ઉપર દેવરાજની કથા છે. તેમાં પ્રાસંગિક રાત્રિના ત્રણ પ્રહરમાં કહેલી ત્રણ કથાઓ વાંચવા લાયક છે. તેનો મૂળ વિષય અવિચારિત કાર્ય ન કરવાનો છે. આ સર્ગમાં બીજી પુણ્યસારની કથા ચાર પ્રકારનો ધર્મ આરાધવા ઉપર છે, તેમજ ઔત્પાતિકી બુદ્ધિ ઉપર રોહકની કથા વાંચવા યોગ્ય છે. બીજી પણ કેટલીક નાની નાની કથાઓ છે. પાંચમા સર્ગમાં ધર્મકાર્યમાં અપ્રમાદી રહેવા ઉપર સૂરરાજ ઉર્ફે વત્સરાજની કથા છે. તેમજ પારાપતના રક્ષણ પ્રસંગે નિષાદ ને વાનરીની કથા વાંચવા યોગ્ય છે. બીજા પણ પર્વ ભવાદિ કથન પ્રસંગ ઘણા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છઠ્ઠા સર્ગમાં ભગવંતે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યાં પછી કહેલી ઘણી કથાઓ સમાવી છે. તેમાં વિષય ત્યાગ ઉપર ગુણધર્મ કુમારની કથા છે. કષાય ત્યાગ ઉપર ગાંધર્વ નાગદત્તની કથા છે. શ્રાવકના બાર વ્રત ઉપર અનુક્રમે યમપાસ માતંગ, ભદ્ર શ્રેષ્ઠિ, જિનદત્ત, કરાલપિંગલ, સુલસ, સ્વયંભૂદેવ, જિતશત્રુ રાજા ને નિત્યમંડિતા બ્રાહ્મણી, સમૃદ્ધદત્ત, સિંહ શ્રાવક, ગંગદત્ત શ્રાદ્ધ, જિનચંદ્ર, ને શૂરવીર નૃપની કથા છે. તેમાંની કેટલીક તો બહુ લંબાણુ ને રસિક છે. એની અંદર પાંચમા વ્રતની કથામાં સંલેખણાના પ્રસંગ ઉપર જિનશેખર શ્રાદ્ધનું દૃષ્ટાંત પણ સમાવવામાં આવ્યું છે. પ્રાંતે સુપાત્રદાન ઉપર વ્યાઘ્ર નામના ક્ષત્રિયની કથા કહેલી છે. ત્યાર પછી ચક્રાયુધ ગણધરે પોતાની દેશનામાં રત્નચૂડની કથા કહી છે, તેનો પણ રાસ થયેલો છે ને છપાયો છે. આ સર્ગમાં પાંચ પાંચ શાળીના કણ આપનાર શ્રેષ્ઠિની કથા પણ અસરકારક છે. એકંદર રીતે વિચારતાં આ ચરિત્રમાં કથાઓનો સંગ્રહ સારો કરવામાં આવ્યો છે.

પ્રાંતે ભગવંતના પરિવારની સંખ્યા કહ્યા પછી ભગવંતે કહેલા સિદ્ધના સ્વરૂપમાં તેના સુખનું સ્વરૂપ વચનદ્વારા કરી શકાય તેવું નથી એમ કહેતાં તે ઉપર અરણ્યવાસી ભિલ્લનું દૃષ્ટાંત આપેલું છે તે વાંચવા લાયક છે.

આ ચરિત્રના કર્ત્તાએ પ્રાંતે પ્રસ્તાવના આપેલી નથી તેથી આ ચરિત્ર ક્યારે કર્યું ? અને તેના કર્ત્તાએ બીજા કોઇ ગ્રંથો કર્યા છે કે નહીં ? તે જાણી શકાતું નથી.

આટલા ઉપરથી આ ચરિત્ર કેટલું રસિક, વાંચવા યોગ્ય અને લાભકારક છે તે સમજી શકાય તેમ છે,તેથી વધારે વિસ્તાર કરવાની જરૂર નથી.

શુદ્ધ કરવા માટે બનતો પ્રયાસ કર્યો છતાં પણ ચરિત્રની ભાષા બહુ સરલ હોવાના કારણથી, દૃષ્ટિ દોષથી, મતિમંદતાથી તેમજ પ્રેસની છાપતાં થયેલી ગફલતીથી ક્વચિત્ ક્વચિત્ અશુદ્ધતા દૃષ્ટિએ પડે તો તે સુધારી લેવી અને તેના ખબર અમને આપવા કે જેથી બીજી આવૃત્તિમાં તે સુધારી શકાય.

આ ચરિત્ર છપાવીને પ્રસિદ્ધ કરવાના સંબંધમાં પન્યાસજી શ્રી ચતુરવિજયજીનો વિશેષ પ્રયાસ છે. લીંબડીમાં થયેલ ઉપધાનવહનની ક્રિયાને પ્રસંગે એકઠા થયેલ જ્ઞાનદ્રવ્યમાંથી અમુક રકમ આ ચરિત્ર પ્રસિદ્ધ કરવા માટે અમારી તરફ મોકલાવવાથી અમે આ ચરિત્ર છપાવીને બાહાર પાડવાના પ્રયાસમાં ઉદ્યમવંત થયા છીએ. ચરિત્ર બહુજ રસિકને સરલ હોવાથી ટુંકા વખતમાંજ તેની બીજી આવૃત્તિ કરવાનો પ્રસંગ આવવાનો સંભવ છે. ઉક્ત પન્યાસજીએ બીજું પણ આવુંજ શ્રી પાર્શ્વનાથજીનું ગદ્યબંધ ચરિત્ર છે તે પ્રગટ કરવાનું ફરમાન કર્યું છે અને તેને માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ અન્ય શ્રાવક દ્વારા સહાય મોકલાવી છે. ઉત્તમ મુનિરાજોએ તેમજ લક્ષ્મીવાન ગૃહસ્થોએ આ હકીકત અનુકરણ કરવા યોગ્ય છે.

પ્રાંતે રહી ગયેલી કથંચિત્ અશુદ્ધિને માટે ક્ષમા માગી આ પ્રસ્તાવના સમાપ્ત કરવામાં આવે છે. તે સાથે આ ચરિત્ર વાંચવાનો, વંચાવવાનો તેમજ સંભળાવવાનો લાભ લેવાની અને આપવાની સંસ્કૃતના બોધવાળા મુનિમહારાજને પ્રાર્થના કરવામાં આવે છે. આશા છે કે તેઓ એ પ્રમાણેનો લાભ લેશે અને આપશે કે જેથી અમારો પ્રયાસ સફળ થશે. તથાસ્તુ.

જેષ્ટ શુદિ–૧૫.
સં. ૧૯૬૭ } **શ્રી જૈનધર્મ પ્રસારક સભા.**
ભાવનગર.

# શીલ ધર્મ.

## સનત્કુમાર અને શૃંગારસુંદરી.

અનુસંધાન પૃષ્ટ ૧૨૮ થી.

“હું ધર્મને વિષે આનંદ કરનારો **આનંદ** નામનો આ નંદી ગ્રામનો રહીશ વેપારી છું, હું સમકિત પૂર્વક ગૃહીના બાર વ્રતોનું પાલન કરૂં છું, અને શ્રાવકની અગીઆર પ્રતિમાને વહન કરવ નો છું. તે પ્રતિમાઓ આ પ્રમાણે છે. સમકિતમાં અતિચાર લગાડ્યા વિના એક માસ સુધી જિનેશ્વરની ત્રિકાળ પૂજા કરે, તે પહેલી **દર્શન પ્રતિમા** કહેવાય છે. પૂર્વે(પહેલી પ્રતિમામાં)કહેલી ક્રિયા સહિત બે માસ સુધી શુદ્ધ અણુવ્રતને ધારણ કરે, તે બીજી **વ્રતપ્રતિમા** કહેવાય છે. પૂર્વની બંને ક્રિયા સહિત ત્રણ માસ સુધી સાંજ સવાર સામાયિકનું સેવન કરે, તે ત્રીજી **સામાયિક પ્રતિમા** છે. સત્ક્રિયાવાન શ્રાવક ચાર માસ સુધી ચાર પર્વને વિષે ચારે પ્રકારનું પૌષધ વ્રત ધારણ કરે, તે ચોથી **પૌષધ પ્રતિમા** છે. શુદ્ધ આશયવાળો, સ્નાનનો ત્યાગ કરનાર, પ્રાસુક અન્નનું ભોજન કરનાર, દિવસે બ્રહ્મચર્યવાન અને રાત્રીએ પોતાની સ્ત્રીને વિષે મૈથુનનું પ્રમાણ કરનાર એવો શ્રાવક પાંચ માસ સુધી ચાર પર્વને વિષે પૌષધ કરીને રાત્રીએ કાયોત્સર્ગ કરે, તે પાંચમી **પ્રતિમા પ્રતિમા** કહેવાય છે. પૂર્વે કહેલા સમગ્ર વિધિ (ક્રિયા) સહિત છ માસ સુધી બ્રહ્મચર્યને ધારણ કરે, તે છઠ્ઠી **બ્રહ્મચર્ય પ્રતિમા** કહેવાય છે. પૂર્વ ક્રિયા સહિત સાત માસ સુધી સમગ્ર સચિત્તનો ત્યાગ કરે, તે સાતમી **સચિત્તત્યાગ પ્રતિમા** કહેવાય છે. પૂર્વ ક્રિયા સહિત આઠ માસ સુધી પોતે આરંભ કરવાનો ત્યાગ કરે, તે આઠમી **આરંભત્યાગ પ્રતિમા** કહેવાય છે. તે સર્વ ક્રિયા સહિત નવ માસ સુધી બીજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે પણ આરંભ ન કરાવે, તે નવમી **પ્રેષ્યત્યાગ પ્રતિમા** કહેવાય છે. પૂર્વે કહેલી સમગ્ર ક્રિયા સહિત દશ માસ સુધી પોતાને ઉદ્દેશીને કરેલા આહારાદિકનો પણ ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે અને માથે શિખા રાખી સાધુની જેવું આચરણ કરે, તે દશમી **ઉદ્દીષ્ટત્યાગ પ્રતિમા** કહેવાયછે. અગીઆર માસ સુધી માથે લોચ કરીને, અથવા મુંડન કરાવીને, રજોહરણ સહિત પાત્રાં ગ્રહણ કરીને ' અગ્યારમી પ્રતિમાને વહન કરનારા મને ભિક્ષા આપો ' એમ કહીને ભિક્ષા ગ્રહણ કરી વિચરવું તે અગ્યારમી **શ્રમણભૂત પ્રતિમા** કહેવાય છે. એ અગ્યાર પ્રતિમામાંથી હમણા સમકિત યુકત અણુવ્રતોને પાળતો હું પહેલી દર્શન પ્રતિમાને વહન કરૂં છું. એ પ્રતિમામાં એક મહિના પર્યંત વિધિપૂર્વક પ્રભાતે મધ્યાન્હે ને સાંજે ત્રિકાળ–ત્રિજગતપૂજ્ય જિનેશ્વરની પૂજા કરવી જોઇએ. તદનુસાર હું અત્યારે મધ્યાન્હકાળ સંબંધી જિનેશ્વરની પૂજા કરીને ગ્રામજનાચાર માટે આવ્યો છું, તેથી હું સૌની પાછળ રહ્યો છું. પોત-પોતાના કર્મોદયવડે આ સંસારમાં પરિભ્રમણ કરતાં દરેક જીવ કોઇપણ વખતે દરેક પ્રકારના સંબંધમાં આવી ગયેલ છે, તો હું કોના મરણને માટે શોક કરૂં ? આ કારણથી મને શોક ઉત્પન્ન થતો નથી અને તે થોડોપણ મને હેરાન કરી શકતો નથી. હવે હે રાજકુમાર ! હમણા મેં જે કહ્યું હતું કે આને કોઈ પણ પ્રકારનો મૃત્યુયોગ નથી તેનું કારણ કહું છું તે સાંભળો—

આ **નંદી** ગ્રામમાં **સારંગ** નામે ગામનો મુખ્ય કૌટુંબિક (પટેલ) વસે છે. તેની **અંબિકા** નામની સ્ત્રીને લીધે તેના ઘરની સ્થિતિ ઘણી સારી છે. તેમને નાગ નામનો પુત્ર હતો. તેને ગઇ કાલે સંધ્યા સમયે ઉદ્યાનમાં પુષ્પ ચુંટતાં દુષ્ટ સર્પે ડસ્યો. તે વખતે ઘણા વિષ વૈદ્યોએ મંત્ર તંત્રના સમૂહવડે તેનું રક્ષણ કરવા પ્રયત્ન કર્યો, તો પણ તે દીર્ઘ નિદ્રાને આધીન થયેલી દશાને–મૃત્યુને પામ્યો. મેં પૂર્વે અમાયી તત્ત્વજ્ઞાની ગુરૂ પાસે કથાના પ્રસંગે પ્રસિદ્ધ સર્વજ્ઞ શાસ્ત્રમાં સાંભળ્યું હતું કે—પાંચમ, છઠ, આઠમ, નોમ, ચૌદશ અને અમાસ, એ તિથિએ જેને સર્પદંશ થયો હોય, તે મૃત્યુ પામે. રવિવાર, મંગળવાર અને શનિવારે, પ્રાતઃકાળ અને સાયંકાળે તથા સૂર્યની [1]સંક્રાંતિને સમયે સર્પદંશ થાય, તો તે પણ મૃત્યુદાયક છે. ભરણી, કૃતિકા, અશ્લેષા, વિશાખા, મૂળ, અશ્વિની, રોહિણી, આર્દ્રા, મઘા અને [2]ત્રણ પૂર્વા એટલા નક્ષત્રમાં પણ સર્પદંશ મૃત્યુકારક છે. જેને સર્પદંશ થયેલો છે એવા માણસને જો ચાર દાઢાઓ લોહીવાળી હોય અને તે દંશમાંથી જળ સ્રાવ થતો હોય તો તે મૃત્યુ પામે છે. જો એક દંશ કાગડાના પગલાંની આકૃતિવાળો હોય અને તે લોહીવાળો અથવા છિદ્ર-

---

૧ સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં જાય તે સંક્રાંતિ કહેવાય છે. તેવી સંક્રાંતિ વરસમાં બાર વખત આવે છે. ૨ પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા અને પૂર્વાભાદ્રપદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળો હોય,તથા તે દંશ ત્રણ રેખાવાળો હોય અને તે સાથે તે શુષ્ક અથવા શ્યામ હોય, તો તે દંશ મૃત્યુને સ્પષ્ટ કરનારો છે. જે દંશ અગ્રભાગે સંકોચવાળો, અંદરથી આવર્ત્તવાળો અને ચોતરફ સોજાથી વીંટાયેલો હોય, તે દંશ તે દંશેલાનું જીવિત નષ્ટ થયું છે, એમ કહે છે. કેશના અંત ભાગે (મૂળમાં), મસ્તકે, કપાળમાં, બે ભ્રકુટિની વચ્ચે, નેત્રમાં, કાનમાં, નાસિકાના અગ્રભાગે, ઓષ્ઠ ઉપર, દાઢીઉપર, કંઠઉપર, ખભા ઉપર, હૃદય ઉપર, સ્તન ઉપર, કક્ષામાં, નાભિમાં, લિંગ ઉપર, સંધિનેવિષે, ગુદામાં તથા હાથ પગને તળીએ જેને સર્પદંશ થયો હોય, તે યમની જિહ્વાવડે સ્પર્શ કરાયો છે એમ જાણવું. પણ હે શ્રેષ્ઠ કુમાર ! આ બધામાંથી કાંઇ પણ વિરૂદ્ધ એને થયું નથી, કે જેથી કરીને તે નાગ સર્પદંશથી મૃત્યુ પામે. પરંતુ આ ગામમાં કોઇ પણ લોકોત્તર માંત્રિક નથી. શું લવણસમુદ્ર કર્પૂરની લક્ષ્મીના પૂરને પૂર્ણ કરી શકે ? નજ કરે."

આ પ્રમાણે બોલતા અને આનંદ પામતા આનંદ શેઠ પ્રત્યે દિગ્ગજના દાંતની કાંતિ જેવી ઉજ્વળ બુદ્ધિવાળો રાજકુમાર બોલ્યો કે—" હે કળાનિપુણ ! તમે કયા માંત્રિકને અહીં લોકોત્તર કહો છો ? " આ પ્રમાણે રાજપુત્રે પ્રશ્ન કર્યો તેના ઉત્તરમાં તે બોલ્યો કે—" જે ઔષધ અને મંત્રોવડે કરીને વિષની ચિકિત્સા કરે છે, તે સત્પુરૂષને માનવા યોગ્ય માંત્રિક લોક સામાન્ય (લૌકિક) માનવામાં આવે છે, પરંતુ સિદ્ધજનોએ પ્રાપ્ત કરેલા શુદ્ધ તપ અને ધ્યાને કરીને જેના પ્રભાવથીજ વિષના દોષો નાશ પામે છે, તે લોકોત્તર માંત્રિક કહેવાય છે. " તે સાંભળીને "શું આવા પ્રકારના કલ્યાણકારક મનુષ્ય પણ કોઇ સ્થાનકે જોવામાં આવતા હશે ? " આ પ્રમાણે આશ્ચર્યયુક્ત ચિત્તવાળો રાજપુત્ર બોલતો હતો, તેવામાં દૂરથી શોકરૂપી કોકપક્ષીને ગ્લાની પમાડવામાં ચંદ્ર સમાન અને ઉત્તમ વાજિત્રના નાદથી વૃદ્ધિ પામેલો એવો મોટો હર્ષનો કોલાહલ સંભળાયો. તે સાંભળીને કુમારે ' આ શું ? ' એમ માર્ગમાં જનાર કોઇ માણસને પૂછયું, ત્યારે તે માણસ ગતિની ત્વરાનો ત્યાગ કરીને ( ઉભો રહીને ) કોમળવાણીથી બોલ્યો કે—" આ ગામમાં રહેનારો નાગ નામનો મારો ભાઇ સર્પદંશથી મૃત્યુ પામ્યો હતો, તે સ્મશાનભૂમિમાં પ્રવેશ કરતાંજ તત્કાળ શિબિકામાંથી બેઠો થયો ( જીવતો થયો ). તેજ વખતે મૃત્યુલોકમાં જેની સુગંધતા અસંભવિત છે, તથા જે શ્વાસ લેતાં નાસિકાને આસ્વાદન કરવા યોગ્ય લાગે છે એવો દિવ્ય ( દેવતાઈ ) વાયુ વાવા લાગ્યો; એટલે ' આ નાગ વિષ રહિત કેમ થયો ? અને આવો પવન ક્યાંથી આવ્યો ? ' એ પ્રમાણે શોક રહિત થયેલા લોકોમાં હર્ષથી પરસ્પર આલાપ સંલાપ થવા લાગ્યા, અને ચતુર પુરૂષો સર્વ દિશાઓમાં આમ તેમ દ્રષ્ટિ નાખવા લાગ્યા. તેટલામાં અતિ દૂર ધર્મદેશના આપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તા અને પૃથ્વીને પવિત્ર કરતા એક મુનિ મહારાજને તેમણે દીઠા. તે મુનિ દેવતાઓએ બનાવેલા સુવર્ણ કમળ ઉપર રચેલા રત્નમય સિંહાસન ઉપર બિરાજ્યા હતા, અને ભાવનાસમૂહથી દેદીપ્યમાન એવી સભાના આભૂષણ રૂપ દેખાતા હતા. તે વખતે "અહો ! આ મહામુનિના સ્પર્શરૂપ માહાત્મ્યના આમોદ (સુગંધ) થી વ્યાપ્ત થયેલો વાયુ આ નાગના વિષદોષને હરણ કરનાર થયો છે." એવી આકાશવાણી થઇ. તે સાંભળીને કર્તવ્યને સમજનાર સર્વ લોકો હર્ષથી નાગને સાથે લઇને તે મુનિરાજને વંદના કરવા ગયા. પછી સુર, અસુર અને મનુષ્યો જેના અતિશયના વૈભવની સ્તુતિ કરતા હતા, એવા તે મુનિરાજને વંદના કરીને તેની પાસેથી ધર્મ પામી મારો ભાઈ નાગ મોટા ઉત્સવથી આ તરફ આવે છે તેનો આ ધ્વની છે. હે ન્યાયાધિપતિ કુમાર ! મારે એકદમ ઘેર જઇને તોરણ, સાથિયા વિગેરે ઉત્સવની વસ્તુઓ તૈયાર કરવાની છે તેથી હું ઉતાવળો જાઉં છું." એમ કહીને તે પુરૂષ ચાલ્યો ગયો.

ત્યાર પછી સુંદર મુખવાળો અને પ્રાણીઓ ઉપર સદ્ભાવ ( દયા ) વાળો રાજપુત્ર પ્રગલ્ભતાવાળા આનંદ શ્રાવક પ્રત્યે બોલ્યો કે—"આલસ્ય વડે મુદ્રિત ચિત્તવાળા મેં આજ સુધી દેદીપ્યમાન આગમના અર્થની જેમ આવો લોકોત્તર માંત્રિક સાંભળ્યોજ નથી. હે વિવેકી ! તને ધન્ય છે અને તારૂં વચન સિદ્ધિવાળું છે, કેમકે તેં જે અલક્ષ્ય અર્થનું વર્ણન કર્યું છે તેને તું હમણાજ મને સાક્ષાત્ બતાવીશ. માટે તું ચાલ અને મને તે મુનિના દર્શનથી પવિત્ર કર." આમ વાત કરે છે તેવામાં તે રસ્તેથી પેલો નાગ પુરૂષ નીકળ્યો. તેને આનંદે ઓળખાવ્યો, એટલે કુમારે તેનો સત્કાર કર્યો. પછી શુદ્ધ શ્રદ્ધાવાળી શૃંગારસુંદરી સહિત તે કુમાર બંને[1] પ્રકારના આનંદની સાથે મુનિને વંદના કરવા ચાલ્યો. ત્યાં જઇ મુનિરાજને વંદના કરીને તથા તેમની પાસેથી ધર્મલાભરૂપ આશીર્વાદ પામીને ઇંદ્રના જેવી કાંતિવાળો તે કુમાર પરિવાર સહિત સભાને શોભાવતો ત્યાં બેઠો. તે સમયે હૃદયની પ્રસન્નતા રૂપ અમૃતને પોતાની દૃષ્ટિવડે સભામાં ચોતરફ વરસાવતા મુનિપતિએ આ પ્રમાણે મુખ્ય તત્ત્વાર્થનો ઉપદેશ કર્યો—"સર્વ ગુણોને વિષે વિનયની જેમ સર્વ પુરૂષાર્થમાં ધર્મરૂપી પુરૂષાર્થ પ્રશંસનીય છે. જીવ વિના કાયાની જેમ ધર્મ વિના પુરૂષપણું વૃથા છે. ધર્મ વિનાનો મનુષ્યભવ સર્વ રૂપવાળો છતાં પણ વખાણવા યોગ્ય નથી. કેમકે મનોહર એવો પ્રાસાદ પણ દેવ ( પ્રતિમા ) રહિત હોય, તો તે પંડિતોને નમવા યોગ્ય નથી. થોડું સુખ ઇચ્છયા છતાં પણ જે અનલ્પ અને અચિંતિત સુખ આપે છે, તે ધર્મરૂપી ચિંતામણિ અમારા ચિત્તમાં ચમત્કાર

૧ હર્ષ સહિત તથા આનંદ નામના શ્રાવક સહિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્પન્ન કરે છે. જો સજ્જન પુરૂષો સંસારરૂપી ગ્રીષ્મ ઋતુના દુઃખ સમૂહરૂપી તાપથી સંતાપ પામ્યા હોય તો તેઓ ધર્મરૂપી અમૃતમાં મજ્જન કરવા તૈયાર થાઓ."

આ અવસરે મુનિના દર્શનથી ઉત્પન્ન થયેલા આનંદવડે વિકસિત નેત્રવાળો ભક્તિમાન કુમાર બે હાથ જોડીને બોલ્યો કે—"હે સ્વામી! જે અદ્ભુત ધર્મની આપ આવી રીતે પ્રશંસા કરો છો તે ધર્મ ગૃહવાસી પ્રાણીઓએ પણ કરી શકાય કે નહીં ?" ત્યારે મુનિ બોલ્યા કે—"સર્વ ભવ્ય પ્રાણીઓથી વિધિ પૂર્વક ધર્મ થઇ શકે છે." આ પ્રમાણે કર્ણને અમૃત સમાન એવી મુનિની વાણી સાંભળીને તે કુમાર બોલ્યો કે—"હે સ્વામી! જો એમ છે તો આ સારભૂત (યૌવન) વય અને આવા મનોહર રૂપની અવગણનાકરીને આપે વ્રતનો સ્વીકાર શામાટે કર્યો?" કુમારનાં આવાં વચન સાંભળીને જગતને આનંદ આપનાર તે મુનિરાજ વિસ્તાર પામેલા સમુદ્રની જેવા ધીર (ગંભીર) ધ્વની વાળી વાણીથી બોલ્યા કે—"હે કુમાર! નિર્ભય અને સદા આનંદ વાળા પદ (મોક્ષ) પ્રત્યે જવા માટે શુભ માર્ગ રૂપ આ વ્રત ગ્રહણને વિષે મને પ્રથમ હેતુ આ સંસાર રૂપી દાવાનળ થયો છે. કેમકે તે ભવરૂપી દાવાગ્નિ દુષ્કર્મના બંધ રૂપી વાંસમાંથી ઉત્પન્ન થયો છે, મોહરૂપી ધૂમ્રસમૂહને ધારણ કરે છે, પંડિતો રૂપી પક્ષિઓનો તે દ્વેષી છે, સમીપે રહેલા આત્માને તાપ પમાડે છે, ભયંકર વ્યાધિઓ રૂપી સ્ફુલિંગ વડે ઉગ્ર દેખાય-છે, કલહ રૂપી તડતડ શબ્દ કરે છે, મિથ્યાજ્ઞાન રૂપી વાયુ તેને પ્રેરે છે—પ્રજ્વલિત કરે છે, તથા સર્વ પ્રકારના શોષણનું એ પોષણ કરનારો છે. તે દાવાનળ મૃત્યુ રૂપી જ્વાળાએ કરીને પ્રમુદિત થયો સતો મનોરથ રૂપી વૃક્ષોને બાળે છે, તેનો ત્યાગ કરવાને મિથ્યા દૃષ્ટિ, જડ અને પ્રમાદી મનુષ્યો અત્યંત અશક્ત છે." તે સાંભળીને સત્પુરૂષોને ઇષ્ટ એવા તે કુમારે પૂછ્યું કે—'હે પ્રભુ! ભવની પીડાને ભેદનારો તમારે બીજો કયો હેતુ થયો?' ત્યારે મુનિ મહારાજ બોલ્યા કે—

"આ ભરત ક્ષેત્રને વિષે તારા નામની મનોહર અને વિસ્તાર વાળી પુરી છે. તે નગરીમાં ફરતી કોટીધ્વજોની કરોડો ધ્વજાના વસ્ત્રોથી તે પુરીને સૂર્યનો તાપ સ્પર્શ કરતો નથી. તે પુરીમાં શાસ્ત્રના પવિત્ર અર્થ વડે જેણે આત્માને કૃતાર્થ કર્યો છે, તથા ન્યાય અને ધર્મનું જેણે સ્થાપન કર્યું છે એવો **તારાપીડ** નામે રાજા છે. તે રાજાને **શ્રીપતિ** નામના મંત્રીનો પુત્ર **શ્રીષેણ** નામે મિત્ર હતો. તે સંપત્તિનું પાત્ર હતો અને પોતાની બુદ્ધિથી જાણવામાં આવેલા તમામ વૈભવોનો ભોગવનાર હતો. નવી યૌવનાવસ્થામાં આવેલો અને સ્ત્રીજનોના ચપળ નેત્રોનું આકર્ષણ કરનારો તે શ્રીષેણ એકદા વસંત ઋતુને સમયે ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. ત્યાં તેણે નેત્ર રૂપ પાત્રને અમૃતના અંજન સમાન અને જાણે પવિત્ર સૌન્દર્ય રૂપી કરિયાણાની દુકાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તેવી કોઇ સ્ત્રીને ક્રીડા કરતી જોઇ. મૃગના સરખા નેત્રવાળી તે સ્ત્રીએ પણ સાક્ષાત કામદેવ જેવા તે ચતુર શ્રીષેણને જોઇને લાખો કટાક્ષોના નાંખવા વડે તેને ઉંચો કરીને પોતાના હૃદયમાં ધારણ કર્યો. પરસ્પર દર્શન કરવામાં અતૃપ્ત અને અન્યોન્ય અનુરાગ વાળા તે બન્ને સાયંકાળે અસ્વસ્થ ચિત્તે પોતપોતાને ઘેર ગયાં. તેમાં તે મૃગાક્ષીના વિયોગથી ગ્રસ્ત થયેલો મંત્રીપુત્ર રાત્રીને વિષે નિદ્રા રહિત થઇને આ પ્રમાણે નિરંકુશપણે વિચાર કરવા લાગ્યો—"અહો ! પ્રશંસાના અવધિ જેવું તે સ્ત્રીનું કેવું રૂપ ? કેવી કાંતિ ? કેવો નેત્ર વિલાસ ? અને મારા ઉપર કેવો પ્રેમાનુબંધ ? તે સ્ત્રી કયા કુળનો અલંકાર છે ? તેણી કયા નામને પવિત્ર કરે છે ? કાલે તેણીને કયા ઉપાયથી અને કયાં જોઇશ ? જો મને તેણીનો સમાગમ ન થાય, તો મારી રાજા સાથેની મૈત્રી વૃથા છે, મારૂં મંત્રીપુત્રપણું વ્યર્થ છે, અને આ જન્મ પણ નિરર્થક છે." આ વિગેરે ઘણા સંકલ્પ વિકલ્પોથી જેનું મન સંતાપ પામ્યું છે એવા તે મંત્રીપુત્રે દરેક યામ (પહોર) ને યુગના પ્રમાણવાળા અનુભવીને દુઃખે ખપાવી શકાય તેવી રાત્રી મહા પ્રયાસે ખપાવી. બીજે દિવસે મધ્યાહ્ન સમયે તે શ્રીષેણ એકલોજ ઉદ્યાનમાં આવ્યો. ત્યાં તે ચિત્તમાં ચિંતાથી વ્યાકુળ થઇને બેઠો હતો, એટલામાં કોઇ કાત્યાયની નામની સ્ત્રીએ આવીને તેને કહ્યું કે—" આ પુરીમાં સ્તુતિ કરવા યોગ્ય ગુણોના ભૂષણ રૂપ તારક નામનો તારાપીડ રાજાનો ઉપાધ્યાય વસે છે. કુળ, લક્ષ્મી અને શીળથી શોભતા એવા તેણે પોતાની પ્રથમની પત્ની મરણ પામવાથી અત્યંત રૂપ વાળી રોહિતા નામની બીજી સ્ત્રી સાથે હમણાંજ લગ્ન કર્યાં છે. " વૃદ્ધાવસ્થાથી મારાં ગાત્રો જર્જરિત થયાં છે, અને આ સ્ત્રી નવા યૌવનવાળી છે, તે સાથે ઇન્દ્રિયો અતિ ચપળ છે " એમ જાણીને તે તેણીને ઘરની બહાર જવા દેતો નથી. પરંતુ ગઇ કાલે રાજાની આજ્ઞાથી તે ઉપાધ્યાય આ નગરના શાખાપુર (પરા) માં ગયા હતા, તેથી તેણી મારી સાથે મુશ્કેલીથી આ ઉદ્યાનમાં આવી હતી. હું તેણીની ધાત્રી છું. હે ભાગ્યવંત ! દૃષ્ટિને પ્રિયકારક એવા તને તેણીએ એવો જોયો કે જેથી કામજ્વરના સમૂહથી વ્યથા પામેલી તે રોહિતા તારાપર મોહિત થઇ ગઇ છે. માટે આજે તે મારી પુત્રીની પીડા હરણ કરવા માટે તું તેણીને દર્શન આપ, અને હાર રૂપી યષ્ટિ સાથે આવેલા આ વાચિક (સંદેશા) ને તું અંગીકાર કર કે—"હે હૃદયના નાથ ! સ્ફુરણાયમાન અને મનોહર કાંતિવાળી અને અત્યંત રસ યુક્ત પ્રીતિને ધારણ કરનારી મને-પ્રિયાને અને આ હારરૂપ યષ્ટિને તું હૃદયમાં ધારણ કર. " આ પ્રમાણે સાંભળીને શ્રીષેણે ધાત્રીએ આપેલી તે હારલતાને પોતાના કંઠમાં નાંખી, અને અહો ! આતો મારી પ્રિયા ! એમ બોલીને તેણે તે હારનો આશ્લેષ કર્યો. 'કામીજનને વિવેક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્યાંથી હોય ? તે નિર્લજ્જ શ્રીષેણુને ક્ષણવાર શ્રાંતિએ ( પરિશ્રમે ), ક્ષણવાર ભ્રાંતિએ, ક્ષણવાર ચિંતાએ, ક્ષણવાર ધૃતિએ, ક્ષણવાર ત્રાસે અને ક્ષણવાર હાસ્યે વિડંબના પમાડી. આ પ્રમાણે કામદેવ રૂપી દેવે તે શ્રીષેણુને આકુળવ્યાકુળ કર્યો, તેટલામાં દુષ્ટોની ચેષ્ટાના સમૂહને પોષણ કરનારો પ્રદોષ ( સાયંકાળ ) થયો. તે વખતે તે સ્ત્રીએ ( ધાત્રીએ ) તેને કહ્યું કે—“ હે સુંદર ! તેણીને ઘેર ચાલ, અને તેણીના યૌવનને પવિત્ર કર. ” તે સાંભળીને તે દુષ્ટ આશયવાળો શ્રીષેણુ હર્ષથી તેણીની સાથે ચાલ્યો. અસત્ માર્ગને વિષે ઉજ્વળ ઇચ્છાવાળો અને તમોગુણથી વ્યાપ્ત એવો તે શ્રીષેણુ પરિવાર રહિત [1]આત્માની જેમ એકલોજ દુષ્ટ બુદ્ધિવાળી તે ધાત્રીની સાથે ગયો અને દુર્ગતિની જેમ તેણીને પામ્યો. હવે દ્રોહ કરેલી તે રોહિતાની સાથે તે શ્રીષેણુ હજુ વાતો કરતો હતો, તેવામાં તો જેનો પરિવાર આગળ ચાલ્યો આવે છે એવો તારક ઉપાધ્યાય ઘરના દ્વાર પાસે આવી પહોંચ્યો. એટલે તરતજ કાત્યાયનીએ ભયથી પીડાતા તે શ્રીષેણુને ખાળકુવામાં નાંખી દીધો. જાણે નરકે જવા માટે પ્રસ્થાન કરતો હોય તેમ તે તેની અંદર રહ્યો. તે કુવામાં કાંઠા સાથે ઘસાવાથી તેનું શરીર છોલાઈ ગયું. અને તે ઘણી દુર્ગન્ધવાળા, કીડાથી વ્યાપ્ત અને કાદવથી ભરેલા જળમાં કંઠ પર્યંત ડુબી ગયો. ત્યાં અનેક જનોએ મળમૂત્ર તરીકે કાઢેલું, વમેલું, અને કોહેલું ખાળનું જળ તેના મુખમાં પેસવા લાગ્યું અને લીંટ તથા લાળથી તે ચોતરફ વ્યાપ્ત થઈ ગયો. આ પ્રમાણે તે શૃંગાર સહિત છતાં પણ દેહધારી બીભત્સ રસ હોય તેવો દેખાવા લાગ્યો. તે વખતે તે શ્રીષેણુ મુખ ઉપર મચ્છર અને ડાંસવડે, શરીરપર ફૂગી અને મત્સ્ય વડે તથા પગતળે ઠીકરાં અને ખીલાઓ વડે અત્યંત કદર્થના પામ્યો. નાસિકામાં પણ તે જળ પેસી જવાથી જીવિતમાં આશા રહિત થયેલા તે શ્રીષેણે કુવાનો કાંઠો હાથવડે પકડી રાખ્યો. ત્યાં પણ તેને તીક્ષ્ણ આંકડાવાળો વીંછી કરડ્યો. આ પ્રમાણે મધ્ય રાત્રી સુધી તેણે નરકથી પણ અધિક દુઃખ સહન કર્યું. તેટલામાં તે ઘરમાં મોટો કોલાહલ સાંભળવામાં આવ્યો. તે વખતે જેમ દુષ્કર્મનો નાશ જીવને નરકમાંથી કાઢે, તેમ તે ચતુર અર્ધવૃદ્ધા ધાત્રીએ તેને દૃઢ રજ્જુવડે ખાળકુવામાંથી બહાર કાઢ્યો અને કહ્યું કે—“ ઉદ્યાનમાં આવીને હું તને સર્વ ભાવિ વૃત્તાંત કહીશ, હમણા તું જતો રહે, દ્વાર ઉપર કોઈ નથી. ” તે સાંભળીને ખાળના જળથી વ્યાપ્ત શરીરવાળો તે શ્રીષેણુ જાણે યમરાજના પાશમાંથી છુટ્યો હોય તેમ તત્કાળ નાઠો. માર્ગમાં કોલાહલ સાંભળીને દોડી આવેલા રાજસેવકો ( સીપાઈઓ ) એ તેને નાસતો જોયો, અને ધનુષના દંડવડે તેને મારીને બાંધ્યો. પછી “ દુર્ગન્ધી કાદવથી

[1] આત્મા પણ અસત્ માર્ગમાં ઉજ્વળ ઇચ્છાવાળો અને તમો ગુણથી વ્યાપ્ત એવો એકલોજ દુષ્ટ બુદ્ધિની સાથે દુર્ગતિને પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લિપ્ત થયેલો ગર્ત્તા શૂકર ( ભુંડ ) જેવો આ કોણ છે ? એમ બોલતા તેઓએ દીવો કરીને તેને જોયો એટલે ઓળખ્યો કે આતો રાજાનો મિત્ર છે. પછી તેને છોડી દેવો યુક્ત છે કે ન છોડવો યુક્ત છે ? એવા વિચારમાં ગરક થયેલા તે રાજપુરૂષો મૂઢ થઇ ગયા. તેવામાં નિર્મળ બુદ્ધિવાળો રાજા કે જે નગર ચર્યા જોવા માટે વીરચર્યાએ નીકળ્યો હતો, તે કોલાહલથી આકર્ષાઇને ત્યાં આવ્યો. એટલે માર્ગમાં તેણે તેને એ સ્થિતિમાં જોયો. કુશળ પુરૂષની સીમા જેવા રાજાએ તેને દૂરથીજ ઓળખીને વિચાર્યું કે—“ મારા ઉપાધ્યાયના ઘરમાં કોલાહલનું કારણ આજ છે, એમ હું માનું છું. આ સંસારમાં કયા બુદ્ધિમાનની પણ સ્ખલના થતી નથી ? પરંતુ આ બાલ્યાવસ્થાથીજ મારો મિત્ર છે, તેથી તેની ઉપેક્ષા કરવી યોગ્ય નથી. વળી મને જોવાથી આને બંધન કરતાં પણ અધિક દુઃખદાયી લજ્જા ઉત્પન્ન થશે. ” આ પ્રમાણે નિશ્ચય કરીને પ્રકૃતિથીજ શુભ ઉપકાર કરનાર તે રાજાએ આરક્ષકોને પોતાની ઓળખાણ આપીને તત્કાળ તેને બંધનના દુઃખથી મૂકાવ્યો. ને વખતે શરીરના કદ( પ્રમાણ ) થી, શુભ ઉપકારના સ્વભાવથી અને પોતે તત્કાળ બંધનથી મુક્ત થયેલ હોવાથી શ્રીષેણે રાજાને ઓળખ્યો, પરંતુ તે વખતે લજ્જાને લીધે પોતાનું મુખં બતાવવાને અશક્ત અને રાજાએ આદેશ કરાયેલા સુભટો વડે વીંટાયેલો શ્રીષેણ પોતાને ઘેર ગયો. પછી શરીર ધોઇને શ્રીષેણ પ્રાતઃકાળે પેલા ઉદ્યાનમાં જઇ એક લતામંડપમાં બેઠો. ત્યાં તેણે માળી લોકો પાસેથી દુઃખે શ્રવણ કરી શકાય તેવી વાણી સાંભળી કે—“ આજ રાત્રે રોહિતાએ શ્રમથી સુઇ ગયેલા પોતાના પતિ ( તારક ) નું મસ્તક છેદવા માટે છુરિકા વડે ભયંકર એવો હાથ ઉંચો કર્યો, પરંતુ તેજ વખતે તે છરીવાળા હાથનું અકસ્માત્ સ્તંભન થયું, અને તારક એકદમ ઉભો થઇ ગયો તથા રોહિતા રજ્જુરહિત બંધન વડે હૃદયમાંજ બંધાઇ ગઇ. તેમજ અદ્રષ્ટ પ્રહાર વડે હણાતી તે રોહિતા એટલી મોટી બૂમો પાડવા લાગી કે જેથી તેના કોલાહલ વડે વ્યાકુળ થયેલા તેના ભાઇઓ તથા બીજા રાજસેવકો ત્યાં દોડી આવ્યા. તેમજ પોતાના ઉપાધ્યાયના ઘરની ગમતાને લીધે રાજા પણ ક્યાંકથી ત્યાં આવી ચડયો. તેણે તત્કાળ ધૂપ દઇને નમ્રતાથી તેણીને કહ્યું કે— “ હે મહા પ્રભાવ વાળી ! સત્ય કહે કે, તું કોણ છે ? અને આ કૃપાના પાત્ર રૂપ સ્ત્રીજાતિ ઉપર આટલો બધો ક્રોધ શા માટે કર્યો છે ? ” આ પ્રમાણે રાજાની ભક્તિ યુક્ત વાણી સાંભળીને ક્રોધને ઓછો કરી કોઇ દેવી રાજા પ્રત્યે આકાશ વાણીથી બોલી કે— “ હું સમ્યગ્દ્રષ્ટિ દેવી છું, સર્વજ્ઞના શાસનની ભક્તિવાળી છું અને ધર્મ કર્મમાં પ્રવૃત્ત થયેલા સત્પુરૂષોના વિઘ્નોનું નિવારણ કરૂં છું; તેથી તત્ત્વજ્ઞ, દ્રઢ સમકિતવંત અને પરસ્ત્રીમાં પરાઙ્મુખ એવા પોતાના પતિનો ઘાત કરતી આ દુષ્ટાને મેં બાંધી છે. ” તે સાંભળીને રાજાએ પૂછયું કે– ‘શા માટે આ પોતાના પતિને હણે છે ?’ ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે બોલી કે "–જેને તેં બંધનથી મુકત કરાવ્યો તેનેજ પતિ કરવાની ઈચ્છાથી આ તેવું દુષ્ટ કાર્ય કરવા પ્રવૃત્ત થઈ છે." તે સાંભળીને રાજાએ કહ્યું કે—"તે પુરૂષનું જે તું દૂષણ બોલે અથવા તેનું નામ પણ પ્રકાશ કરે તો તને સર્વજ્ઞની આજ્ઞા છે." એમ કહીને રાજાએ તે દેવીને વારી; અને તે કૃપાળુ રાજાએ તથા તારક ઉપકારે રોહિતાને છોડવા માટે દેવીને ઘણું કહ્યું, તોપણ તે દેવીએ પતિનો ઘાત કરનારી તે રોહિતાને હજુ સુધી છોડી નથી." આ પ્રમાણેનાં કર્ણને વિષે તપાવેલા સીસાના રસ જેવાં તે વનપાળનાં વચનો સાંભળીને બલાત્કારે વૈરાગ્ય પામેલો શ્રીષેણ વિચાર કરવા લાગ્યો કે—"હું ધારૂં છું કે જયારે તે કોલાહલ થયો ત્યારેજ મળથી લિપ્ત થયેલા મને તે ધાત્રીએ ખાળમાંથી બહાર કાઢ્યો. દુરાચાર રૂપી વૃક્ષોની ભૂમિ સમાન આવી સ્ત્રીઓને દુષ્ટબુદ્ધિવાળા બ્રહ્માએ શામાટે ઉત્પન્ન કરી હશે? અથવા તો આ મારો વિચારજ વૃથા છે. કેમકે જો કદાચ કુકર્મ કરવાથી નારીઓ નિંદ્ય હોય, તો દુષ્કર્મના મૂળ કારણ રૂપ દુઃશીળના વશથી હું પુરૂષ પણ નિંદ્ય છું. મારા મનુષ્ય જન્મને ધિઃકાર છે, કે જેથી મેં મારૂં કુળ કલંકિત કર્યું, અને પાપી એવા મારામાં જે વિદ્યા રહેલી છે તે પણ દૂષિત થઇ. આ પૃથ્વીપર ગુણ રૂપી લતાની સંતતિ (સમૂહ) નું મૂળ કારણ જિતેંદ્રિયપણુંજ છે. અરે! તે મૂળને મેં આજ કુશીળપણારૂપી કુહાડીના ઘા વડે ઉખેડી નાંખ્યું તે વખતે લજ્જા પણ મને અપકૃત્યની બુદ્ધિવાળો જાણીને ત્રાસ પામી ચાલી ગઇ હતી અથવા શું પંકથી વ્યાપ્ત એવા જળમાં વારલા નિરંતર રહી શકે? નજ રહે. ખરી મિત્રતાના પાત્ર રૂપ અને ક્ષત્રીઓમાં શિરોમણિ એવો તારાપીડ રાજા અતિ સ્તુત્ય છે, કેમકે તેણે લજ્જત ઉત્પન્ન કરનારી મારી સર્વ પીડાનો નાશ કર્યો. મારૂં ચરિત્ર પણ સાંભળવા લાયક નથી, પરંતુ હવે અપવિત્રતા રૂપ ધનવાળો હું તે ઉપકારીને મારૂં મુખ શી રીતે બતાવીશ? સ્મિતવડે પ્રફુલ્લિત એવી અમ્લાનમાન રૂપી માળાને ધારણ કરનારા જે પુરૂષો પોતાની કીર્તિ રૂપી મુકતામાળાવડે ત્રણ જગતને વિભૂષિત કરી ગયા છે તેઓને ધન્ય છે." આ પ્રમાણે ખેદ યુકત ચિત્તે તે વિચાર કરતો હતો, તેવામાં તારકના ઘર ઉપર આકાશમાં જય જય ધ્વનિ થયો. તે ધ્વનિને સાંભળીને શ્રીષેણ વિસ્મય સહિત ઉંચું મુખ રાખી ઉભો છે, તેટલામાં વૈરાગ્ય પામેલી કાત્યાયનીએ ત્યાં આવીને કહ્યું કે—"હે વત્સ! મૂઢ બુદ્ધિવાળી મેં ગઇ કાલે મારી પુત્રી પરના વાત્સલ્યને લીધે સુબુદ્ધિમાન પુરૂષે ધિક્કારેલું દુષ્કર્મ આચર્યું હતું, તેથી તારા મહા દુઃખો વડે અને મારી પુત્રીની દુષ્ટ ચેષ્ટાવડે મહા વ્યથા રૂપી ફળને મેં તરતજ અનુભવ્યું છે. તારે માટે થઇને તે મારી પુત્રીએ રાત્રીમાં પોતાના પતિનું જે અહિત કરવા ઇચ્છેલું તે લોકમાં પ્રસિદ્ધ થયું છે, તોપણ તે મારે મુખે બોલવું યોગ્ય નથી." તે સાંભળીને શ્રીષેણ બોલ્યો કે—"હે માતા! તે સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃત્તાંત મેં પ્રાતઃકાળેજ વનપાલ પાસેથી સાંભળ્યું છે, પરંતુ અત્યારે તેના ઘર ઉપર આકાશમાં આ મંગળધ્વનિ શેનો થાય છે ? તે કહો." આ પ્રમાણે શ્રીષેણના પૂછવાથી તે વિસ્મય સહિત બોલી કે—" હે વત્સ ! થોડા ધર્મનું પણ આ ફળ થયું છે, તે તું સાંભળ—દયાળુ રાજાએ કહ્યા છતાં પણ ક્રોધાતુર થયેલી શાસનદેવીએ મારી પુત્રીને બંધનથી મુકત કરી નહીં, ત્યારે વ્યર્થ પ્રાર્થનાવાળો અને શોકથી વ્યાપ્ત એવો રાજા હૃદયમાં વ્યથા પામતો સર્વ લોકો સહિત પોતાને ઘેર ગયો. ત્યાર પછી હમણાંજ અકસ્માત્ અમારા પુણ્યવડે પ્રેરાઈને ઈર્યા સમિતિમાં નિપુણ એવી બે સાધ્વીઓ અમારે ઘેર ભિક્ષા (ગોચરી) માટે આવી. અશ્રુસહિત નેત્રવાળી મારી પુત્રીએ તે સાધ્વીઓને જોઈને અત્યંત રોમાંચરૂપી કંચુકને ધારણ કર્યો. તરતજ તેના બંધનનો નાશ થવાથી સ્વતંત્ર રીતે તે ભૂમિપીઠ પર આળોટવા લાગી. અને 'તમારા ચરણનું મને શરણ હો.' એમ બોલતી તે મારી પુત્રીએ તે સાધ્વીઓને વંદના કરી. તે વખતે આ પ્રમાણે આકાશવાણી થઈ—" હે રોહિણી ! જ્યારે તને હર્ષથી સાધ્વીને વાંદવાની શુદ્ધ શ્રદ્ધા થઈ, તેજ વખતે મેં તારા દેવતાઈ બંધનો હરી લીધાં છે. નિષ્કપટ બ્રહ્મચર્યને ધારણ કરનારી આ સુવ્રતા નામની સાધ્વીને તેં વંદના કરી, તેથી તું પવિત્ર થઈ છો, અને હવે તું મારી સાધર્મી થઈ છે." એમ કહીને ચિરકાળ સુધી ઉત્તમ વાજિંત્રોના ધ્વનિથી મિશ્રિત જય જય શબ્દ કરીને તે દેવી તિરોધાન ( અદૃશ્ય ) થઈ. પછી જેમ અગ્નિથી વ્યથા પામેલો અને નહીં મરેલો પારદ (પારો) જળને વિષે સ્થિત રહે તેમ પોતાના ચરિત્રથી ઉદ્વેગ પામેલું મારૂં મન વ્રતને વિષે સ્થિત રહ્યું ( વ્રત ગ્રહણ કરવા તત્પર થયું.) તેથી મેં સુવ્રતા સાધ્વીને અત્યંત પ્રાર્થના કરી કે—' પ્રાણીઓના પાપ અને સંતાપને છેદનારૂં વ્રતરૂપી અમૃત મને આપો.' ત્યારે તે બોલ્યા કે—' હે ભદ્રે ! તેં કર્મરૂપી વૃક્ષને છેદવા માટે વજ્ર સમાન વ્રતની યાચના કરી, તેથી તું ભાગ્યશાળી છો, અને તારો જીવ તત્ત્વજ્ઞાની છે. પરંતુ મારા ગુરૂ શ્રી શીલપ્રભસૂરિ બહાર ક્રીડાવનમાં રહેલા છે. તેમની પાસે જઈને તું દીક્ષા ગ્રહણ કર.' એ પ્રમાણે તે સુવ્રતા સાધ્વીએ મને કહ્યું. તેથી વ્રત લેવા જતાં હું અહીં તારી પાસે આવી છું. મારો અપરાધ તું ક્ષમા કર, અને મને વ્રત લેવા સંમતિ આપ." આ પ્રમાણે મનોહર અર્થવાળાં વચનો સાંભળીને મંત્રીપુત્રનું ચિત્ત ઉંચા પ્રકારના વૈરાગ્યના તરંગથી વ્યાપ્ત થયું, તેથી તે વિચાર કરવા લાગ્યો કે—" અહો ! જ્ઞાન, લજ્જા, યશ અને ભય રૂપી પહેરેગીરોનો નાશ કરીને આ વિષય રૂપી ચોરોએ મારૂં સુકૃતરૂપી મન ચોરી લીધું, કામદેવે જેના ચિત્તને સ્ત્રીઓના વિલાસરૂપ બાણો વડે ભેદીને તેમાંથી ધૈર્યરૂપ ધનને ગ્રહણ કર્યું નથી તેજ પુરૂષો છે એમ હું માનું છું. અહો ! સુવ્રતા સાધ્વીના વ્રતનું માહાત્મ્ય કેવું અદ્ભુત હતું કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેથી શાસનદેવીએ પણ હર્ષથી તેની આ પ્રકારે પ્રભાવના કરી, તો હવે મારા અબ્રહ્મચર્યનું અને સુવ્રતા સાધ્વીના બ્રહ્મચર્યનું અંતર ( તફાવત ) જાણીને મારે વ્રત ગ્રહણ કરવું તેજ યોગ્ય છે. વળી આ વખતે વ્રત ગ્રહણ કરવાથી આ લોકમાં મારા મુખની કાંતિ ઉજવળ થશે, અને પરલોકને વિષે મોટા ભાગ્યના ઉદય રૂપ કલ્યાણ પ્રાપ્ત થશે. " આ પ્રમાણે તે શ્રીષેણ પોતાના કર્તવ્યનો નિશ્ચય કરીને કાત્યાયની પ્રત્યે બોલ્યો કે—" હે માતા ! તમે પોતાનો વિચાર બતાવીને મને સારો પ્રતિબોધ આપ્યો છે. અકૃત્ય કરવાથી બંધાયેલા કર્મોનું ઉન્મૂલન કરવામાં મૂઢમતિ થયેલા મને તમે સંસાર સાગરના તીરને પમાડનારો મહાન ઉપાય બતાવ્યો છે. જો ઉપદેશ કરનાર ( જગાડનાર ) પાસે ન હોય તો પ્રમાદ રૂપી પલંગમાં મોહનિદ્રાથી સૂતેલો આત્મા શી રીતે જાગૃત થાય ? માટે હે શ્રાવિકા ! હું પણ તારી સાથેજ શ્રદ્ધાથી ગુરૂ પાસે આવીને મારા અપરાધ (પાપ)ના નાશને માટે જૈની દીક્ષા ગ્રહણ કરીશ." આ પ્રમાણે વ્રતની ઇચ્છાવાળા શ્રીષેણે તેણીની પાસે પ્રતિજ્ઞા કરીને, વિયોગથી અત્યંત કાતર એવા પોતાના માતાપિતાની બળાત્કારે રજા લઇને, વંદન કરવા યોગ્ય, તત્ત્વજ્ઞ અને અકૃત્રિમ મિત્ર રૂપ રાજાને આનંદ પમાડી, બાંધવોને બોધ આપી, યાચક જનોને ધન વડે કૃતાર્થ કરી તથા સર્વ પરિવારનો ત્યાગ કરીને, કાત્યાયની સહિત શ્રીશીલપ્રભસૂરિ પાસે જઇ દીક્ષા ગ્રહણ કરી.

ગુરૂ સાથે વિહાર કરતાં, કર્મનું શોષણ કરવા માટે અનેક પ્રકારની તપસ્યા કરનારા શુદ્ધ અન્તઃકરણ વાળા શ્રીષેણે સિદ્ધાંતનો અભ્યાસ કર્યો. કેટલોક કાળ ગયા પછી ગુરૂની આજ્ઞા પામીને તે શ્રીષેણ મુનિ શુભ ધ્યાનમાં આસક્ત થઇ શુદ્ધ ભૂમિએ કાયોત્સર્ગ કરીને રહ્યા.

બ્રહ્મચર્યના પ્રભાવને જોયા છતાં પણ તુચ્છ મોહવાળી રોહિતાનો શ્રીષેણ પરનો રાગ નાશ પામ્યો નહીં, કેમકે સ્નેહ પાસ દુસ્ત્યજ છે. એ પ્રમાણે છતાં પણ પોતાના પતિના ચિત્તનું આવર્જન કરવા માટે તે ગૃહસ્થના વ્રતોને ધારણ કરવા લાગી. પ્રાંતે તે રોહિતાનો રાગ તો ક્ષીણ થયો નહીં, પરંતુ તેણીનો દેહ ક્ષીણ થવાથી તે મૃત્યુ પામીને ઉત્તમ વ્યંતરી થઇ. અવધિજ્ઞાનવડે તેણીએ આ સ્થાને રહેલા તે શ્રીષેણ મુનિને જાણ્યા, એટલે પૂર્વ ભવના પ્રેમસમૂહથી પૂર્ણ મનવાળી તે વ્યંતરી અહીં આવી અને પ્રીતિ યુક્ત વાણીના હાવભાવ વિગેરે કરીને તે સાધુનું મન હરણ કરવા લાગી. પરંતુ તે સાધુ હસ્તિના દંત પ્રહાર વડે પર્વત ખસે નહિ તેમ ધ્યાનથી કિંચિત્ પણ ચલાયમાન થયા નહીં. અનુક્રમે ક્ષપકશ્રેણિપર આરૂઢ થયેલા તે મુનીશ્વરને ઘાતિ કર્મનો નાશ થવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે જાણીને મોહ રહિત થયેલી તે વ્યંતરીએ સુગંધી વાયુ, સુવર્ણકમળ અને રત્નમય સિંહાસન વિગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યંતરીએજ આકાશ વાણી કરી હતી કે સમકિતવંતોને ધર્મની પ્રભાવના કરવાની ઇચ્છા હોયજ છે.' હે રાજપુત્ર! તે શ્રીષેણ નામના કેવળી મુનિ તે હું જ છું, અને તારી દક્ષિણ બાજુએ જે આ વિનયવંત ઉભેલી છે, તે વ્યંતરી છે. હે ભદ્ર! તેં જે વ્રત ગ્રહણ કરવાનું બીજું કારણ પૂછયું, તે આ વિષયદોષથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય જાણજે."

અપૂર્ણ.

---

# खरो परमार्थ.

एसो सो परमथ्थो, एयं तत्तं तिलोयसारमिणं ।
सयलदुहकारणाणं, विणिग्गहो जं कसायाणं ॥ ३२० ॥

**પુષ્પમાળા.**

"તેજ આ પરમાર્થ છે, આજ તત્ત્વ છે, તેમજ ત્રણ લોકમાં સાર આજ છે કે સકળ દુઃખના કારણ રૂપ કષાયોનો વિશેષે કરીને નિગ્રહ કરવો." ૩૨૦

શાસ્ત્રકાર કહે છે કે—તમારે ખરો પરમાર્થ જાણવો હોય, ઘણાં શાસ્ત્રો વાંચવાનો પ્રયાસ ન કરવો હોય, બહુ કાળક્ષેપ કરવા ઇચ્છા ન હોય, થોડામાં ઘણો સાર મેળવવા વૃત્તિ થતી હોય અને ખરેખરા દુઃખથી ડરતા હો, દુઃખ અકારૂં લાગતું હોય, તે ન આવે એમ ઇચ્છતા હો તો એકજ વાત તમારે કરવી. શું કરવી? તેનો ઉત્તર ઉપરની ગાથામાં જ બતાવવામાં આવેલો છે કે–સર્વ દુઃખોના કારણભૂત કષાયો જ છે માટે તેનો સર્વથા નિગ્રહ કરવો. જો એ પ્રમાણે કરશો તો, કારણથીજ કાર્ય નિષ્પન્ન થાય છે, કારણ વિના કાર્ય નિષ્પન્ન થતું નથી, એ સિદ્ધાંત અનુસાર કાર્ય રૂપ દુ.ખો તમને પ્રાપ્ત થશે નહીં.

આટલા ટુંકા વાકયમાં સમજી જવું બહુ મુશ્કેલ છે. એ વાકયની કિંમત આટલી બધી એકદમ ધ્યાનમાં આવવી મુશ્કેલ છે. તેથીજ આ વાકયને પરમાર્થરૂપ કહેવા ઉપરાંત બીજાં પણ બે વિશેષણો આપવામાં આવ્યા છે કે–તત્ત્વ પણ આજ છે અને ત્રણ લોકનું સાર પણ આજ છે. તત્વ એટલે સાર. જૈન શાસ્ત્ર જે પારાવાર છે, આખી જીંદગી સુધી પણ જેનો અભ્યાસ કરતાં પાર આવે તેમ નથી,તેનો ટુંકો સાર માત્ર આજ છે કે–દુઃખોના કારણભૂત કષાયોનો સર્વથા નિગ્રહ કરવો. ત્રણ લોકનું સાર આ વાકય જ છે એમ કહેવામાં મતલબ એ છે કે–ત્રણ લોકમાં પરિભ્રમણ કરીને તમે કયે પ્રકારે એ પરિભ્રમણ દૂર થાય તેની શોધ કરો તો તમને તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારભૂત એકજ વાક્ય લક્ષ્યગત થશે કે–તમે કષાયોનો નિગ્રહ કરો, કષાયનો સર્વથા નિગ્રહ થયો કે તમે બારમે ગુણઠાણે પહોંચી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરશો.

આટલા બધા મહત્વવાળાં આ વાક્યને માટે તેની મહત્વતા ધ્યાનમાં આવવા સારૂ કેટલોક વિચાર કરવાની જરૂર છે.

કષાયના મુખ્ય ચાર ભેદ છે. ક્રોધ, માન, માયા ને લોભ. લોકપ્રવૃત્તિમાં કષાય શબ્દે ક્રોધ જ ઓળખાય છે તેથી પ્રથમ તેને માટે વિચાર કરીએ. ક્રોધથી કિંચિત્ પણ લાભ છે ? લાભ તો જણાતો નથી. ત્યારે નુકશાન છે ? હા. ક્રોધ કરતી વખત શરીર તપે છે, મન કલેશિત થાય છે, શારિરીક અનેક પ્રકારની આપત્તિ પોતાને તેમજ પરને આવી પડે છે, ક્રોધ અગ્નિ જેવો જળહળતો લાગે છે, આત્માના ક્ષમાદિક ગુણોને બાળી દે છે, ક્રોડ પૂર્વ પર્યંત પાળેલું ચારિત્ર એક અંતર્મુહૂર્તમાં નષ્ટ કરી શકે છે, આ ભવમાં ને પરભવમાં દુઃખદાયી છે, લોક પણ તેને જોતાંજ અપયશ બોલે છે, બીજાને નુકશાન કરે કે ન કરે પણ પોતાને તો અવશ્ય હાનિ કરે જ છે, માણસો ક્રોધી માણસની કિંમત બહુજ અલ્પ કરે છે, કેટલીક વખત પાછળથી ઘણું પસ્તાવું પડે છે અને ક્રોધથી થયેલું માઠું—કડવું પરિણામ વેઠયા શિવાય છુટકો થતો નથી. આટલા કારણથી સર્વથા હાનિકારક ક્રોધ ત્યાજ્ય છે એમ જે વિચારશિલ હોય તે સર્વે કહી શકે તેમ છે.

હવે માન તરફ નજર કરીએ. માન, અહંકાર, મદ વિગેરે તેના જુદાં જુદાં નામો છે. વિનયરૂપ અપ્રતિમ ગુણનો તે મૂળથી જ નાશ કરનાર છે. વળી જે માન ઇચ્છે છે તેને માન મળતું નથી, જે તેના તરફ બેદરકાર રહે તેને તે મળે છે. માન મેળવવા માટે એવાં સુકાર્ય કરવા જોઇએ કે જેથી સ્વતઃ તે મળે. સત્કાર્ય કર્યા શિવાય માન મેળવવાની ઇચ્છા કરવી તે નકામી છે, તેજ પ્રમાણે સત્કાર્ય કર્યા પછી પણ માનની ઇચ્છા કરવી નકામી છે. કારણ કે સત્કાર્ય કરનારને સ્વતઃ માન મળે જ છે, તેને માટે ઇચ્છા કરવાની જરૂર જ રહેતી નથી. અભિમાન પ્રાપ્ત થયેલ દ્રવ્ય, વિદ્યા, અધિકાર, દાનાદિ ગુણ વિગેરેનું કરવામાં આવે છે; પરંતુ તેમાં મોટી ભૂલ થાય છે. અભિમાન કરવાથી તેની કિંમત ઓછી થાય છે, અભિમાન ન કરવાથી કિંમત વધે છે. દ્રવ્ય મેળવ્યા છતાં નિરભિમાનીપણું હોય, વિદ્યા મેળવ્યા છતાં ગંભીરતા હોય, અધિકાર પ્રાપ્ત થયા છતાં શાંતવૃત્તિ હોય અને દાનાદિ કરતાં છતાં તેને અપ્રસિદ્ધ રાખવા ઇચ્છા હોય તો તેની કિંમત વિશેષ થઇ પડે છે—અમૂલ્ય થઇ પડે છે. અહંકાર તો દોષરૂપ જ છે. 'અમુક માણસ અહંકારી છે' એમ કહેતાં જ તેની કિંમત ઓછી થઇ જાય છે. અહંકાર શબ્દ જ તેનો ત્યાજ્યભાવ સૂચવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. મદ જો કે અભિમાનની જેમ પ્રાપ્ય વસ્તુનો કરવામાં આવે છે. વળી અભિમાન પ્રાપ્તિ કરતાં વધારે દેખાવ કરાવે છે ત્યારે મદમાં તેવું નથી, તોપણ મદ કરવાથી જેનો જેનો મદ કરવામાં આવે છે તેની તેની હાનિ આ ભવમાં અથવા પરભવમાં અવશ્ય પ્રાપ્ત થાય છે. આઠ મદની સઝાયમાં એને માટે દૃષ્ટાંત સાથે હાનિ સિદ્ધ કરી બતાવી છે. આટલા ઉપરથી માનના દરેક પર્યાય તજવા યોગ્ય છે એમ સિદ્ધ થાય છે.

માયા એ ત્રીજો કષાય છે. માયા, કપટ, નિયડી ઇત્યાદિ અનેક તેના નામો છે. આ કષાય બહુ હાનિકારક છે. અનંતકાળ પરિભ્રમણ કરાવનાર મિથ્યાત્વ જ્યાં સુધી માયા હોય છે ત્યાં સુધી નાશ પામતું નથી-જતું નથી. શ્રી ઉદયરત્નજી કહે છે કે—**સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાતરે પ્રાણી! મ કરીશ માયા લગાર.** આ કષાય બહુ મીઠો છે. કરનારના કે અન્યના ધ્યાનમાં તે એકાએક આવતો નથી. બહુ બારિક દૃષ્ટિથી ધ્યાન અપાય ત્યારેજ તે ઓળખાય છે. માયા કરનાર પ્રાણી એમ માને છે કે હું બીજાને ઠગું છું પણ ખરી રીતે તેમાં તે પોતે જ ઠગાય છે. કેમકે તેના આત્માને અત્યંત નુકશાન થાય છે. વળી કેટલીક વખત આ દુનીઆ એવા માયાવીથી ઠગાતી પણ નથી. કેમકે દુનીઆ તો આરીસો છે,તે માયા કપટીને અને સરલ માણસને તરત જ ઓળખી કાઢે છે; તોપણ કેટલીક વખત ગુઢમાયાવીથી દુનીઆ ઠગાય છે, પરંતુ તેનું ફળ તેને બહુ હાનિકારક વેઠવું પડે છે. જુઓ માત્ર તપસ્યા કરવામાં કરેલી માયાથી પણ મલ્લીનાથજીના જીવને સ્ત્રીવેદ બંધાયો અને તીર્થંકરપણામાં પણ ઉદય ભોગવવો પડ્યો. તિર્યંચ ગતિમાં લઈ જનાર અને સ્ત્રીપણું પમાડનાર માયા જ છે. જેને તેની ઇચ્છા હોય તે ભલે માયા કરે,કારણકે તિર્યંચ ગતિમાં ને સ્ત્રીપણામાં પણ પાછી માયાજ વિશેષે ઉદયમાં આવે છે.પણ જેને તિર્યંચ ગતિ કે સ્ત્રીત્વ પસંદ ન હોય-અરૂચતું હોય-ગમતું ન હોય તેણે ભૂલે ચુકે માયા કરવી નહીં, સરલ રહેવું, જે વાત હોય તે ચોખા દિલથી કહી દેવી. આળ જાળ કરીને ગુંચવાડામાં પડવુંજ નહીં.

ચોથો કષાય લોભ નામનો છે. એણે તો જગત બધાને રખડાવેલ છે. પાપ માત્રનું મૂળ લોભ છે અને સુખ માત્રનું મૂળ સંતોષ છે. લોભ જો કે દ્રવ્યાદિક અનેક પદાર્થોનો થાય છે, સ્ત્રીનો લોભ, પુત્રનો લોભ, કીર્ત્તિનો લોભ, સુખનો લોભ, સારા સારા પદાર્થો ખાવાનો લોભ એમ લોભના ઘણા પ્રકાર છે; પરંતુ મુખ્યતાએ લોભ દ્રવ્યનોજ ગણાય છે. તેથી આપણે બીજા લોભને બાજુ પર રાખી દ્રવ્યના લોભનીજ વિવક્ષા કરીએ. દ્રવ્યના લોભથી પ્રાણી શું શું અકાર્યો નથી કરતા ? શું શું પાપ નથી સેવતા ? ક્યાં ક્યાં પર્યટન નથી કરતા ? કોની કોની સેવા નથી કરતા? કેવા કેવા જોખમ નથી ખેડતા ? તે વર્ણવી શકાય તેમ નથી. લોભને વશ થવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કીર્તિની દરકાર નથી કરતા, સુખની દરકાર નથી કરતા, પાપની દરકાર નથી કરતા છેવટે પ્રાણની પણ દરકાર નથી કરતા. અસત્ય, ઠગાઈ, અપ્રમાણિકપણું વિગેરે અનેક દુર્ગુણો લોભી માણસોજ આચરે છે. તેનાથી આ ભવમાં અને પરભવમાં અનેક પ્રકારના દુઃખનું ભાજન થાય છે છતાં પણ લોભ તજવો મહા મુશ્કેલ છે. દશમા ગુણઠાણા સુધી પણ તે રહે છે. ઉત્તમ પુરૂષો આ કષાયથી નિરંતર ડરતાજ રહે છે. એઓ સંતોષનેજ ઇચ્છે છે. સંતોષને શાસ્ત્રકાર કલ્પવૃક્ષની ઉપમા આપે છે. ખરૂં કલ્પવૃક્ષ સંતોષજ છે. એના સુખની, એના લાભની, એના ગુણની ગણનાજ કરી શકાય તેમ નથી. સંતોષી અલ્પ દ્રવ્યવાન હોય તો પણ તે ધનાઢ્ય છે અને લોભી ક્રોડાપતિ હોય તો પણ તે રાંક છે. લોભ કષાયના ત્યાજ્યપણાની બાબતમાં વધારે કહેવું પડે તેમ નથી. સર્વે મનુષ્યો સારી પેઠે તેને ઓળખે છે પણ તેને છોડી શકતા નથી—છોડવા ઇચ્છતા નથી એ મોટું આશ્ચર્ય છે.

આ પ્રમાણે ચારે કષાયના સંબંધમાં આપણે ટુંકી સમાલોચના કરી, એટલા પરથી ઉપરની ગાથામાં કહેલો ભાવ આપણા હૃદયમાં યથાર્થ લાગે છે કે—સર્વ પ્રકારના દુઃખના કારણભૂત કષાયજ છે અને તેથી તેનો નિગ્રહ કરવો એજ પરમાર્થ છે.

આ સંબંધમાં હજુ ઘણું કહેવા યોગ્ય છે તે ટુંકામાં પ્રસંગે પ્રસંગે નિવેદન કરશું. હાલ તો આટલું પણ વાંચનાર બંધુઓ ધ્યાનમાં લેશે—રાખશે તો ઘણું છે.

---

## ભાઈ ઝવેરભાઈ ભાઈચંદનું ખેદકારક મૃત્યુ.

આ ભાવનગર નિવાસી જૈન બંધુ શ્રાવણ વદી ૮ ની સવાર માં પંચત્વને પામ્યા છે. એઓ ખરેખરા ધર્મચુસ્ત ને વિદ્યાવિલાસી હતા. જ્ઞાનાભ્યાસમાં સતત ઉદ્યોગી હતા. ક્રિયામાર્ગના રસીક હોવા સાથે કરવાવાળા હતા. સામાયિક, પોષધ, પ્રતિક્રમણાદિ ક્રિયાના કરવા કરાવવાવાળા હતા તેમજ અનેક અભ્યાસીઓને ધર્મ શાસ્ત્રના અભ્યાસમાં જોડનાર ને અભ્યાસ કરાવનાર હતા. અનેક પ્રકરણોના જ્ઞાતા હતા. વ્યાખ્યાનના સુજ્ઞ શ્રોતા હતા. સ્વભાવે શાંત હતા. સંઘમાં આગેવાન હતા. એમના ૪૭ વર્ષની ઉમરમાં થએલા અભાવથી એક અગત્યના પુરૂષની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. એઓ શ્રી વૃદ્ધિચંદજી જૈન વિદ્યાશાળા વ્યવસ્થાપક કમીટીના સેક્રેટરી હતા. અને તેની વૃદ્ધિમાં પુરતા ઉત્સાહી હતા. એમનું લક્ષ જૈન ધર્મ ઉપર પરિપૂર્ણ આસ્તાવાળું હોવાથી લાંબી મુદતના વ્યાધિમાં પણ તેઓ સમભાવ જાળવી શક્યા હતા. એઓ આ સભાના આગેવાન મેમ્બર હતા. સાચા સલાહકાર હતા અને સભાનું શ્રેય ચિંતવનારા હતા. તેમનો અભાવ થવાથી સભાને પણ એક ઉપયોગી મેમ્બરની ખોટ પડી છે. એઓ શુભ ધ્યાનના યોગે સદ્ગતિના ભાજન થાઓ એટલું અમે અંતઃકરણથી ઇચ્છીએ છીએ અને તેમના વડીલ પુત્ર ફતેચંદ વિગેરેને યોગ્ય આશ્વાસન આપવા સાથે તેમના પિતાશ્રીને શુભ પગલે ચાલવા સૂચવીએ છીએ.

For Private And Personal Use Only